Rs. 5/-

શ્રીસ્વામિનારાયણ

November 2009




પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ ● Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1





શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શારદા પૂજન કરતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે
મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, બ્ર.સ્વામી રાજેશ્વરાનંદજી અને સંત-મંડળ






ઓસ્ટ્રેલીયાના એડીલેડ શહેરમાં વરઘોડામાં અને એક ઉદ્યાનમાં સંત હરિભક્તો સાથે દર્શન આપતાં
પ.પૂ.મહારાજશ્રી સાથે નાના પી.પી સ્વામી અને શા.સ્વામી રામકૃષ્ણદાસજી



નવા વણઝર (સરખેજ) શ્રી સ્વા.મંદિરમાં વિષ્ણુયાગ પ્રસંગે સભામાં
આશીર્વાદ આપતાં પ.પૂ.મહારાજશ્રી



ઉવારસદમાં પારાયણ પ્રસંગે વરઘોડામાં દર્શન આપતા
પ.પૂ.મહારાજશ્રી સાથે નાના પી.પી સ્વામી અને કોઠારી જે.કે.સ્વામી



संस्थापक
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 3 અંક : 31 નવેમ્બર-2009

અ નુ ક્ર મ ણિ કા

૧. અસ્મદીયમ્ ૨

૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ 3

૩. શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો : અમદાવાદ મંદિર ૪

૪. પૂ. મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા ધર્મ પ્રવાસ ૭

૫. ભગવાનની ઉદારતા ૮

૬. પ્રભુ ભક્તિનું પૂરેપુરું ફળ કોને પ્રાપ્ત થાય છે ૯

૭. પ્રભાત ઉતારી પાથર્યું પૃથ્વી પર ! ૧૧

૮. ધર્મ સહિત ભગવાનની ભક્તિ કરવી ૧૨

૯. આનંદની હેલી : ગંગાજળિયા કૂવાની લીલા ૧૩

૧૦. સત્સંગ સુરભી ૧૪

૧૧. ભક્તિ સુધા ૧૬

૧૨. સત્સંગ બાલવાટિકા ૨૦

૧૩. પ્રશ્ન પેટી ૨૩

૧૪. સત્સંગ સમાચાર ૨૪

સત્સંગિયમ

એક બહુજ વિશાળ પટવાળી નદી હોય પરંતુ એમાં પાણી ન હોય તો ? એક ખૂબ જ સુંદર પક્ષી હોય પણ એને આંખ અને પાંખ ન હોય તો ? એક ઉત્કૃષ્ટ બેંક નો ચેક લખેલ હોય અને એમાં ખાતેદારની સહી ન હોય તો ? આ બધી જ વસ્તુઓ હોવા છતાં ન હોવા જેવી નિરૂપયોગી અને બિનફાયદાકારક ગણાય. તેવી જ રીતે આપણે ગમે તેટલી ભક્તિ કરીએ, ભજન કરીએ, સેવા, સત્સંગ, આજ્ઞા, ઉપાસના, નિયમ અને દર્શન કરીએ પણ જો એક સર્વાવતારી શ્રીહરિની પરિપૂર્ણ નિષ્ઠા આપણામાં ન હોય તો એક નિષ્ઠા વિના આ સઘળી બાબતો નિરૂપયોગી અને નિષ્ફળ જેવી ગણાય. જેની ભક્તિ, સેવા અને ભજન કરીએ છીએ એ પરાત્પર પૂર્ણ પુરુષોત્તમની આપણા હૃદયમાં નિષ્ઠા ન હોય તો તે આપણી ભક્તિ શંખીણી અને વ્યભિચારીણીની કક્ષામાં આવે. ભક્તિ બાબતમાં આખું ભક્તિસૂત્ર રચ્યા બાદ નારદજીએ એક જ શબ્દમાં એનો સાર આપ્યો કે ભગવાનના ભક્તની નિષ્ઠા અને ભક્તિ કેવી હોય તો "यथा व्रजगोपीवगनाम्" કે જેવી વ્રજની ગોપીને હતી તેવી નિષ્ઠા-ભક્તિ આપણે આપણા હૃદયમાં જગાડવી રહી, કરવી રહી. જેમ ગોપીઓએ ઉદ્ધવને કહ્યું હતું કે 'હે ઉદ્ધવ ! તું મથુરાથી અમારૂ દુઃખ દૂર કરવા આવ્યો છે પણ તું જાણે છે કે અમને દુઃખ આપનાર તો એ ચિત્તચોર કૃષ્ણ છે. અમને જે દુઃખ છે તે કૃષ્ણનું આપેલું છે અને હવે જો એણે અમારું દુઃખ દૂર કરીને અમને સુખ આપવું હોય તો એ અહીં આવીને આપે. એના વિના બીજા દ્વારા આપવામાં આવતા સુખ કરતા એના દ્વારા અપાયેલું દુઃખ અમને વધુ સુખકર અને હિતકર લાગે છે.' સુખ આપે તો પણ એ જ અને કદાચ દુઃખ આપે તો પણ એ જ. રૂેના વિના મારે બીજા કોઈનો આશ્રય કે નિષ્ઠા નથી જ. આ મને મળ્યા છે ભગવાન એ વિના અનંત બ્રહ્માંડોમાં સુખ આપનારો કે કલ્યાણનો કરનારો મારા માટે બીજો કોઈ જ નથી આવી દૃઢ નિષ્ઠા આપણા હૃદયમાં કેળવાય તો ભજન-ભક્તિ સત્સંગનો રંગ જામે છે. આવી નિષ્ઠા યુક્ત ભક્તિ આપણને સૌને પ્રાપ્ત થાય એવી પ્રાર્થના સર્વાવતારી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં આપણે સૌ કરીએ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓક્ટોમ્બર-૨૦૦૯)

૧૫. શ્રી વિશાલ પૂજારાને ત્યાં પધરામણી, મોટેરા.

૧૭. જીરાગઢ (મૂળી દેશ) શ્રી રોકડીયા હનુમાનજી મહારાજનાં પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સમૂહ શારદા પૂજન પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયું.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા, નારણઘાટ અને કાલુપુર અન્નકૂટની આરતી ઉતારવા પધાર્યા.



૧૯. નૂતન વર્ષના શુભ મંગલ દિને સર્વોપરિ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી અને બેઠકમાં બિરાજી દર્શન-આશીર્વાદ આપ્યા.
પ.ભ. વસંતભાઈ ટાંકને ત્યાં પધરામણી, પાલડી.

૨૧. પ.ભ. બાબુભાઈ નારણભાઈ પટેલને ત્યાં પધરામણી, નિકોલ.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ પધરામણી.

૨૪. પ.ભ. રસિકભાઈ લાલજીભાઈ પટેલને ત્યાં પધરામણી, થલતેજ ટેકરા.

૨૫. ઉવારસદ મંદિર (બહેનોનું) જીર્ણોધ્ધાર પ્રસંગે પધરામણી.

૨૬. પ.ભ. ચિમનલાલ પટેલને ત્યાં પધરામણી, મેમનગર.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર વાડજ પધરામણી.

૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર પારાયણ પ્રસંગે પધરામણી.

૨૯. સંત મહા દીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા તુલસી વિવાહ પ્રસંગે પધરામણી.
પ.ભ. જીજ્ઞેશભાઈ સોનીને ત્યાં પધરામણી, નારણપુરા.


૩૦. બળોલ (ભાલ) ભાઈઓ અને બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ખેરોલ (પંચમહાલ) પધરામણી.

શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો :

- ગોરધનભાઇ વી. સીતાપરા
(હીરાવાડી - બાપુનગર)

અમદાવાદ મંદિર



શ્રી નરનારાયણદેવના પરચા : જે દિવસથી શ્રીજી મહારાજ અમદાવાદ મંદિરમાં રહીને આપણને શ્રી નરનારાયણ સ્વરૂપે દર્શન આપે છે ત્યારથી માંડી આજ સુધી ન જાણે કેટલાય ભક્તોને કેટલાય પરચા થયા હશે. પરંતુ અત્રે તો શ્રીહરિકૃષ્ણ લીલામૃત ગ્રંથ આધારિત કેટલાક પરચાઓનો ઉલ્લેખ કરવો છે.

એક દિવસ છગનભાઈ નામે એક વૈશ્ય ભક્ત શ્રી નરનારાયણદેવના દર્શન કરવા આવ્યા. દર્શન કરતાં તેમને એવો સંકલ્પ થતાં જ અંતર્યામી દેવે કહ્યું, હે ભક્તરાજ ! અમને દૂધ પીવા માટે એક સારી ગાય આપો. છગનભાઈના આનંદની તો કોઈ સીમા ન રહી. આંખમાંથી હર્ષના આંસુ આવી ગયા. પછી તરત જ તેમણે સોનાની શીંગડીઓ વાળી અલંકારોથી શણગારીને શ્રેષ્ઠ દૂધ આપતી વાછડા સહિત ગાય દેવને અર્પણ કરી.

કોઈ એક પરદેશી વાણિયો હતો. તીર્થયાત્રા કરવા નીકળ્યો. તેણે એવો સંકલ્પ કર્યો કે જે કોઈ દેવ મારી સાથે પ્રત્યક્ષ બોલીને સોનાનો કંદોરો માગે તે દેવને મારે તત્કાળ કંદોરો આપી દેવો. કંદોરો લઈ દરેક તીર્થમાં ફરતો ફરતો તે વણિક અમદાવાદમાં નરનારાયણદેવના દર્શને આવ્યો. નરનારાયણદેવની સમીપે બે હાથ જોડી ઉભો રહ્યો. મનમાં વિચાર કરતો હતો કે હે દેવ ! અનેક તીર્થોમાં હું ફર્યો પણ કોઈ દેવે મારી સાથે પ્રત્યક્ષ વાત કરી નહિ. હવે મારો સંકલ્પ કોણ સિદ્ધ કરશે ? ત્યાં તો નારાયણ ભગવાને તે વણિકને અમૃતમય વચનો કહ્યાં. હે વૈશ્યવર! તે કંદોરો અમને આપી દો. નારાયણ ભગવાનને પોતાની સાથે વાત કરતા સાંભળી તે વણિક આશ્ચર્ય ચકિત થઈ ગયો. તે તેના આનંદને હૃદયમાં સમાવી સમાવી નહોતો શકતો. તે વખતે મહંત પદ સંભાળતા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને સાથે રાખી ઘણા ઉત્સાહ પૂર્વક વણિકે કંદોરો નરનારાયણદેવને અર્પણ કર્યો. પછી બ્રહ્માનંદ સ્વામીએ તે વણિકને ખૂબ પ્રસાદ આપ્યો. વણિકે સ્વામીને પ્રણામ કર્યા અને ભગવાનનો દ્રઢ આશ્રિત થઈ પોતાના ઘેર ગયો.

એક વખત ભગવાન સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન હતા. એ વખતે શાહપુરમાં રહેતા બે ભાટ જ્ઞાતિના ભક્તો નરનારાયણદેવના દર્શન કરવા આવ્યા. મંદિરમાં દેવની આગળ જઈ પગે લાગી ઉભા રહ્યા. દર્શન કરતાં એમને સંકલ્પ થયો કે આ બે મૂર્તિઓ છે તેમાંથી નારાયણ કોણ હશે ? એ જ વખતે નારાયણ ભગવાને પોતાના હાથની આંગળીથી પોતાને જ

બતાવતાં તે બંને જણાને કહ્યું કે અમે નારાયણ છીએ અને અમારી પડખે ઉભા છે તે નર છે. આ પ્રમાણે નારાયણે પોતે પોતાની ઓળખાણ આપી.

શ્રીહરિ કહે છે, મેં નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ વગેરે જે મૂર્તિઓ પધરાવી છે તેમાં હું સાક્ષાત્ રહેલો છું. છતાં પણ નરનારાયણને વિશે હું અધિક પણે રહ્યો છું. કારણ કે દુર્વાસાના શાપના નિમિત્તથી નરનારાયણરૂપે હું જ અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ થયો છું. તમારા સુખ દુઃખ નરનારાયણ ભગવાનને કહેજો. તેમાં રહીને હું જ તમને સહાય કરીશ.

સત્સંગિ ભૂષણ અંશ-૪, અ. ૪૦ માં શ્રીહરિએ શ્રી નરનારાયણદેવનું કહેલું સર્વોપરીપણું : એક સમયે અમદાવાદ મંદિરમાં શ્રીહરિએ ધામધૂમપૂર્વક ફૂલદોલોત્સવ કર્યો. તે પછી ધર્મકુંવર શ્રી નારાયણ મુનિ સભામાં પોતાના ભક્તોને કહેવા લાગ્યા. હે ભક્તજનો ! તમારા સૌનું કલ્યાણ થાઓ. તમે સૌ એકાગ્ર ચિત્તે મારું વચન સાંભળો. આ શ્રી નરનારાયણ ભગવાન સાક્ષાત્ આપણા ઈષ્ટદેવ છે. સર્વ અવતારોના કારણભુત છે. અક્ષરધામના અધિપતિ પણ એ જ છે. વસુદેવના ઘેર કૃષ્ણ સ્વરૂપે આજ નારાયણ પ્રગટ થયા હતા. જ્યારે નર પાંડુ રાજાના ઘેર અર્જુન સ્વરૂપે પ્રગટ થયા હતા. મેં સ્થાપેલા શ્રી નરનારાયણદેવ સદા મારી સમીપે વર્તે છે. તેમનો વિયોગ મને કદી થતો નથી. એટલા માટે મેં જે જે મંદિરો કરાવ્યા છે તેમાં આ શ્રી નરનારાયણ ભગવાનનું મંદિર સર્વ શ્રેષ્ઠ છે. હું મારા હૃદયમાં હમેશાં સાક્ષાત્ પુરુષોત્તમએવા શ્રી નરનારાયણદેવનું સ્મરણ કરું છું. એ જ સર્વોપરી ભગવાન છે. તેમના અધિપતિ કોઈ નથી. મૂળ મંદિરમાં રાધાકૃષ્ણ, વૃત્તાલયમાં લક્ષ્મીનારાયણ તથા ધવલપુરમાં વૃંદાવન વિહારી મહારાજ વિરાજે છે તે બધી મૂર્તિઓ આ જ શ્રી નરનારાયણ ભગવાનની છે. શ્રીમદ્ ભાગવત પુરાણમાં આદિ, મધ્ય અને અંતમાં તથા ભારતમાં અને બીજા પુરાણ શાસ્ત્રોમાં મહર્ષિ વેદ વ્યાસ મુનિએ આ ભગવાનનું જ વર્ણન કર્યું છે. વસુઓ અને રૂદ્રાદિરૂપે સૃષ્ટિના સર્જક અને સંહારક પણ આ જ ભગવાન છે. સર્વ કારણના પણ કારણ આ શ્રી નરનારાયણદેવ જ વિષ્ણુરૂપે જગતનું રક્ષણ કરે છે.

"શાસ્ત્રયોનિત્વાત્" વગેરે વેદાંત વાક્યોમાં આ નરનારાયણનું જ ગાન કરેલું છે. જે જે મનુષ્યો અંતકાળે મેં સ્થાપેલ આ નરનારાયણની મૂર્તિનું ધ્યાન કરે છે તેમને તે ભગવાન અવશ્ય અક્ષરધામમાં લઈ જશે. કળિયુગમાં જ્યારે મનુષ્યોની વિવેક બુદ્ધિ નાશ પામે છે ત્યારે આ જ ભગવાન તેમને ધર્મને વિશે પ્રેરીને તેમનું રક્ષણ કરે છે. આમ ભક્તોના હિતના રક્ષણ માટે જ શ્રીનગરમાં શ્રી નરનારાયણ ભગવાનને પધરાવ્યા છે.

શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો : નારાયણઘાટ તથા સાબરગંગા : સાબર ગંગા અમદાવાદ શહેરની મધ્યમાંથી પસાર થાય છે. આ સાબરગંગાના કિનારે સુભાષ બ્રીજના નાકે શ્રી નારાયણઘાટ સ્વામિનારાયણ મંદિર આવેલું છે. સુભાષ બ્રીજ પરથી પસાર તથા કોઈ બિન સત્સંગી માણસ આ મંદિરની ધજાનું પણ જો ભાવપૂર્વક દર્શન કરે તો તેનો અવશ્ય સત્સંગમાં જન્મ થાય છે. ઉત્તરાભિમુખ શિખરબંધ મનોહર આ મંદિરમાં વચ્ચેના દેરામાં શ્રી ઘનશ્યામમહારાજ તથા તેથી પૂર્વના દેરામાં શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજ અને પશ્ચિમદેરામાં શ્રી નરનારાયણદેવ દર્શન આપે છે. શ્રી નરનારાયણદેવનું સિંહાસન આરસનું છે. જે શ્રી નરનારાયણદેવની પ્રસાદીનું છે. શ્રી નરનારાયણદેવના સિંહાસનો જ્યારે સોનાના કર્યા ત્યારે તેની ઉપર મૂળ ચોડેલો આરસ તથા થાંભલા તેનાથી બનેલું આ સિંહાસન છે.

મંદિરની સામે જ સાબરગંગાના કિનારે દક્ષિણાભિમુખ શિખરબંધ મંદિરમાં આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ પધરાવેલા શ્રી હનુમાનજી મહારાજ દર્શન આપે છે. જેની બાજુમાં જ પૂર્વાભિમુખ મંદિરમાં શ્રીજી મહારાજની પ્રસાદીના મહાદેવજી દર્શન આપે છે. શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના આચાર્યશ્રીનો અંતિમ અગ્નિ સંસ્કાર આ નારાયણઘાટના આરે કરવામાં આવતો હોવાથી આ સ્થળે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીથી શરૂ કરી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

સુધી પાંચ આચાર્યશ્રીના સમાધિસ્થાન રૂપે ઓટો કરી સ્મૃતિ છત્રીઓ બનાવી છે. આ ઉપરાંત નદીના કિનારે મહા સ્વેતવ્રતધારી સ.ગુ. બ્ર. શ્રી વાસુદેવાનંદજી સ્વામી તથા પરાત્પર પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ ભગવાન સાથે એકાત્મતા પામેલા અખીલ સંપ્રદાયના પરમ સ.ગુ. શ્રી મહાનુભાવાનંદ સ્વામીનું સમાધિસ્થાન છે, બન્ને સ્થાન પર સ્મૃતિ તરીકે છત્રી કરી મહારાજના ચરણારવિંદ પધરાવ્યા છે. મહાનુભાવાનંદ સ્વામીના સમાધિસ્થાન પર તેઓશ્રીની વચન સિદ્ધિનો પરચો લીમડાવાળો પ્રસંગ આલેખેલો છે.

આ મંદિરે સત્સંગી-બિન સત્સંગી અનેક લોકો દર્શને આવે છે. તથા નારાયણ ઘાટનો આરો હોવાથી ધાર્મિક યજ્ઞ-યાગાદિ તથા પિતૃતર્પણ વિધિ માટે આ સ્થળ ખૂબ જાણીતું છે. દરેક શરદ પૂર્ણિમા એ રાસોત્સવ ખૂબ સુંદર થાય છે. તથા શાકોત્સવ માટે પણ આ મંદિર ખૂબ જાણીતું છે.

સાબરમતી નદીનો ઈતિહાસ જાણવો જરૂરી છે. જે અત્રે સંક્ષિપ્ત લખું છું. આ સાબરમતીના તટે કશ્યપઋષિએ મહાન તપ કર્યું હતું. ગીચ વનરાજીથી ઘેરાયેલા આબુ પર્વત ઉપર રહીને કશ્યપમુનિએ તપસ્યા આદરી હતી. જ્યાં પવિત્ર સરસ્વતી નદી વહ્યા કરે છે. એક દિવસ કશ્યપમુનિ નૈમિષારણ્ય ગયા હતા. ત્યાં બધા ઋષિઓ ભેગા મળીને કથા વાર્તા કરતા હતા. કશ્યપઋષિને જોઈને ઋષિઓએ કહ્યું કે હે મહર્ષિ! તમને અમારા ઉપર પ્રેમ હોય તો આ પ્રદેશમાં ગંગાજી લાવો અને તે ગંગાજી તમારા નામથી કાશ્યપી ગંગા તરીકે પ્રસિદ્ધ થાઓ. ઋષિઓના વચન સાંભળીને કશ્યપ મુનિએ તપ કરીને મહાદેવજીને પ્રસન્ન કર્યા. વર માંગ્યો. હે મહાદેવજી ! જો તમે રાજી થયા હો તો મને આપના મસ્તક ઉપર રહેલા ગંગાજી આપો.

ત્યારે મહાદેવજીએ રાજી થઈને પોતાની જટા સમૂહમાંથી એક જટા સમૂહ તોડી આપ્યો અને કહ્યું. લો આ ગંગાજી ! કશ્યપ મુનિ મહાદેવજીને પ્રણામ કરીને ગંગાને લઈ પોતાના આશ્રમમાં આવ્યા. એ વખતે અનેક મુનિઓ ત્યાં પોતપોતાના પરિવાર સાથે આવ્યા. કશ્યપમુનિ આ ગંગાને લાવ્યા હોવાથી આ કાશ્યપીગંગા તરીકે પ્રસિદ્ધ થયા. જેના દર્શન માત્રથી બ્રહ્મહત્યારો પણ બ્રહ્મ હત્યાના પાપમાંથી મુક્ત બને છે. આ નદી સત્યયુગમાં કૃતવતી, ત્રેતામા ગિરિ કર્ણિકા, દ્વાપરમાં ચંદના અને કળિયુગમાં સાબરમતી નામે ઓળખાય છે. પ્લક્ષાવતરણ ક્ષેત્રમાં સરસ્વતીમાં અને કેદારમાં કે કુરુક્ષેત્રમાં સ્નાન કરવાથી જેટલું ફળ મળે છે એટલું ફળ સાબરમતીમાં સ્નાન કરવાથી મળે છે. ભગવાન વેદ વ્યાસનું આ વચન છે. મોટા મોટા ઋષિઓ સાબરમતીમાં સ્નાન કરીને ભગવાન વિષ્ણુની ભક્તિ કરે છે.

શિવજી દેવી પાર્વતીને કહે છે કે - હે દેવી ! પિતૃઓની પ્રિય વારાણસી તથા વિમલેશ્વર નામનું તીર્થ, પ્રયાગરાજ, સપ્તધારા, કેદાર, ગંગાસાગર, બ્રહ્મસર વગેરે તીર્થો મારા કહેવાથી સાબમતીના જળમાં નિવાસ કરે છે. ક્ષિપ્રા નદી, હરિદ્વાર, નર્મદા, ગંગા વગેરે નદીમાં પિંડ આપવાથી જે ફળ મળે છે એની સમાન ફળ સાબરમતીમાં પિંડ આપવાથી મળે છે. પિતૃઓની મુક્તિ માટે જે અહીં શ્રાદ્ધ કરે છે, તેના પિતૃઓ મુક્ત થાય છે. જેવી ગંગા નદી છે એવી જ આ સાબરમતી છે. કળિયુગમાં આ સાબરમતી બહુ કાળ સુધી ફળ આપે છે. શિવજી કહે છે કે જો મારા મુખમાં સેંકડો જીભ હોય તો પણ આ નદીના ગુણોને હું વર્ણી શકું એમ નથી. આ નદીના કિનારે ત્રેપન જેટલાં પ્રાચીન તીર્થો આવેલાં છે. જેમાં નારાયણઘાટ ને દૂધેશ્વર તીર્થ મુખ્ય છે. આ બન્ને તીર્થો અમદાવાદમાં આવેલા છે. સાબરમતીના કિનારે નારાયણઘાટ ક્ષેત્રમાં વિશાળ જંગલ આવેલું હતું. જેને ધર્મારણ્ય તરીકે વર્ણવ્યું છે. આ ધર્મારણ્યમાં જ ધર્મદેવે મૂર્તિદેવી સાથે તપસ્યા કરી હતી અને પરમાત્મા, નર, નારાયણ, હરિ અને કૃષ્ણ એમચાર સ્વરૂપે પ્રગટ થયા હતા. શ્રી નરનારાયણદેવના જન્મનો ઈતિહાસ તથા સ્નાન તેમજ સ્વામિનારાયણ ભગવાનની સ્નાન લીલાથી આ સ્થળ નારાયણઘાટ નામે મહા તીર્થ બન્યું છે. શ્રીહરિએ સંતો સાથે આ નદીમાં, ખાસ કરીને નારાયણઘાટના સ્થળે સેંકડો વખત સ્નાન કર્યું છે.

શ્રી સ્વામિનારાયણ

પૂ. મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા ધર્મ પ્રવાસ

– પાર્ષદ વનરાજ ભગત (સ્વામિનારાયણ બાગ, મેમનગર)

અનંતકોટી જીવોનું કલ્યાણ કરવા અર્થે અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી શ્રીહરિ આ લોકમાં પધાર્યા હતા. પોતાની હયાતીમાં કરોડો જીવોનું શ્રેય કર્યું અને આ સત્સંગરૂપી મોક્ષમાર્ગ આપણા જેવા કરોડો માટે સદાય વહેતો કર્યો અને એ માર્ગે અનેક જીવો ચાલતા રહે તે માટે મંદિરો બંધાવી દેવો પધરાવ્યા, આચાર્ય પદનું સ્થાપન કર્યું, શાસ્ત્રોની રચનાઓ કરી અને કરાવી અને વિશાળ ભગવી ફોજ રૂપે સંતોની અદ્‌ભુત ભેટ કૃપા કરી આ લોકને પ્રભુ એ આપી. ગામો ગામજ નહીં પરંતુ ઘરો ઘર, વ્યક્તિ એ વ્યક્તિએ અરે ! પાંદડે પાંદડે સ્વામિનારાયણ નામ ગુંજતુ કરવાનો પ્રભુનો દિવ્ય સંકલ્પ આજે સહ સાથે મળી સાકાર કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. ભગવાનના ભક્તો જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં ભગવાનને સાથે લઈને જ જતા હોય છે. છેલ્લાં થોડા સમયથી આપણા ઘણાં બધા ભક્તજનો ધંધાર્થે કે અભ્યાસાર્થે ઓસ્ટ્રેલીયા ગયા છે. તે સર્વે ભક્તોના ભાવભર્યા આમંત્રણને માન આપી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સહ તા. ૩૦-૯-૦૯ થી ૧૧-૧૦-૦૯ સુધી ત્યાંના ભક્તોને દર્શન, સત્સંગનું સુખ આપવા પધાર્યા હતા. સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી), સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) તથા પાર્ષદ વનરાજ ભગત આ યાત્રામાં પૂ. મહારાજશ્રી સાથે જોડાયા હતા, સત્સંગ વિકાસનો કેટલો ખપ ! કે પોતાના જન્મદિને મુંબઈ થઈ પર્થ તરફ રવાના થયા તા. ૨૯-૯-૦૯ ના રોજ રાત્રે ૯-૦૦ વાગે પર્થ પધાર્યા હતા. ગાદી પર બિરાજ્યા બાદ પ્રથમ જ વખત અત્રે પૂ. મહારાજશ્રી પધારતા હોઈ ભક્તોનો ઉત્સાહ આસમાને હતો. લગભગ ૨૦૦ ભાઈ-બહેનો પૂ. મહારાજશ્રીના આગમનને વધાવવા ભેગા થયા હતા. માથા પર કળશ મુકી પૂ. મહારાજશ્રીના સામૈયા માટે આવેલી બહેનોને જોઈ ત્યાંના સ્થાનિક લોકો પણ આશ્ચર્ય ચકિત થઈ પ.પૂ. મહારાજશ્રીને નિરખી રહ્યા. તા. ૩૦ અને ૧ ના રોજ સુંદર સભાનુ આયોજન કરવામાં આવ્યું હતું. બન્ને દિવસ પધરામણી અને આશીર્વચનનો સુંદર લાભ દરેક ભક્તજનોને પૂ. મહારાજશ્રીએ આપ્યો હતો. પર્થમાં નૂતન મંદિર માટે વિશાળ જમીનનું પણ સંપાદન થયુ. તે જમીન પર પોતાના પાવન પગલા પાડી જલદી મંદિર તૈયાર થાય તેવા શુભાશિષ પાઠવ્યા હતા. વિશ્રામભાઈ, કાંતિભાઈ, મનજીભાઈ, હરિન્દ્રભાઈ દવે આદિ સર્વે ભક્તજનોએ પૂ. મહારાજશ્રીને ફરીવાર વહેલાસર કૃપા કરી પધારજો. એવી પ્રાર્થના સાથે વિદાય આપી હતી. પર્થથી પૂ. મહારાજશ્રી મેલબોર્ન પધાર્યા હતા.

તા. ૩-૧૦-૦૯ થી ૭-૧૦-૦૯ પર્યન્ત મહારાજશ્રીએ મેલબોર્નના ભક્તોને ત્યાં પધરામણી કરીને સત્સંગ આશીર્વચનનો લાભ આપ્યો હતો. ૪ દિવસ સુધી મેલબોર્નના રીંગવુડ વિસ્તારમાં સત્સંગ સભાનો લાભ સર્વે ભક્તોને આપ્યો હતો. ત્યારબાદ સીટી વિસ્તારમાં ઘણા બધા વિદ્યાર્થીઓ રહે છે તેમને લાભ આપવા માટે "પોઈન્ટ કુક" મહારાજશ્રી પધાર્યા હતા. ત્યાંના સર્વે ભક્તોને પોતાના દિવ્ય વચનોથી આશિર્વાદિત કર્યા હતા. સભા દરમિયાન ભક્તોએ મહારાજશ્રીનું ભવ્ય સામૈયું પણ કર્યું હતું. લેઝીમ, બેન્ડ અને માથે કળશ લઈને ચાલતા બહેનો જાણે કે ભવ્ય ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતા હતા. મેલબોર્નમાં પણ મંદિર માટે સુંદર મકાન લેવામાં આવ્યું. ત્યાં પણ જલ્દી મંદિર તૈયાર થાય તેવા શુભાશિષ મહારાજશ્રીએ પાઠવ્યા હતા. દિપકભાઈ, રમેશભાઈ, જયેશભાઈ, રાજુભાઈ, ગૌરાંગભાઈ આદિ સર્વ ભક્તોએ સત્સંગનો ખૂબ વિકાસ થાય એવા શુભાશિષની ઈચ્છા મહારાજશ્રી પાસે વ્યક્ત કરી હતી. મેલબોર્નના ભક્તોને રાજી કરી મહારાજશ્રી ત્યાંથી એડીલેડ પધાર્યા હતા.

તા. ૮-૧૦-૦૯ થી ૧૧-૧૦-૦૯ સુધી પૂ. મહારાજશ્રી એડીલેડ પધારી ભક્તોના મનોરથોને પૂર્ણ કર્યા હતા. પર્થ અને મેલબોર્નની સરખામણીએ એડીલેડ એક નાનું શહેર છે. ભક્તોની સંખ્યા થોડી છે. પણ ઉત્સાહ

(અનુસંધાન પાના નં. ૩૧ ઉપર)

શ્રી સ્વામિનારાયણ

ભગવાનની ઉદારતા

- સ્વામી નારાયણમુનિ ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)

મહા ભારતમાં ભગવાન વ્યાસજીએ ભગવાનના એક હજાર મંગલકારી નામ બતાવ્યા છે. જ્યારે સત્સંગિજીવનમાં શતાનંદ સ્વામીએ અલ્પ આયુષવાળા કલિમાનવ ઉપર કૃપા દ્રષ્ટિ કરી. મહારાજના ૧૦૮ પવિત્ર કલ્યાણકારી નામ આપ્યા. જેને આપણે જનમંગલ નામાવલિમાં મહારાજનું એક મંગલનામ છે. ઉદારઃ સહજાનંદઃ

અર્થાત : ભગવાન શ્રીહરિમાં સહજ રીતે ઉદારતા રહેલ છે. ભગવાન શ્રીહરિના જન્મથી લઈને જીવનકાળ દરમ્યાન અનેક પ્રસંગોમાં ઉદારતાના દર્શન થાય છે.

સ.ગુ. રામાનંદ સ્વામીના પચાસ શિષ્યોમાં નિલકંઠવર્ણી સૌથી નાના અને નવા શિષ્ય હોવા છતાં પણ બધાની સંમતિ અને ગુરુના આગ્રહથી ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા સંભાળતી વખતે વર્ણીએ ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વરદાન માંગ્યા : જેમાં પહેલું વરદાન માંગતા કહે છે કે તમારા ભક્તના પ્રારબ્ધમાં કોટિ વીંછીની વેદના લખેલી હોય તો તે મને થાવો પણ તમારો આશ્રિત દુઃખ રહિત થાય.

જ્યારે બીજું વરદાન માંગતા કહે છે કે..... હે સ્વામીન તમારા આશ્રિતના પ્રારબ્ધમાં હાથમાં રામપાતર લઈને માંગવાનું લખેલું હોય તો તે અમોને મળે પણ તમારા આશ્રિત અન્ન, ધન અને આબરૂથી સુખી થાય.

ત્યારથી લઈ આજદિન સુધી આપણે સૌ શ્રીજી મહારાજનું પ્રારબ્ધ ભોગવીએ છીએ. બાકી આપણા પ્રારબ્ધમાં તો ખોરી જાર જ લખાવેલી છે. અનન્ય ભાવથી જે ભગવાનને ભજે તે ભક્ત રંકમાંથી રાજા બની જતો હોય છે. આવા ભક્તની સંપૂર્ણ જવાબદારી સ્વયં ભગવાન સંભાળતા હોય છે જે આજે પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોવા મળે છે. શ્રીહરિનો કોઈ પણ આશ્રિત ક્યારેય કોઈ પાસે માગતો જોયો ! ક્યાંય ચિંથરે હાલ જોયો ! ન જ જોયો હોય. કારણ કે તેના પ્રારબ્ધમાં જે કાંઈ દુઃખ હતું તે ભગવાને લઈ લીધું અને તેનું પ્રારબ્ધ બદલી નાખ્યું. માટે ભક્તજનો આપણને ઈષ્ટદેવ સર્વોપરિ શ્રીહરિ મળ્યા છે ત્યારથી અને સત્સંગમાં આવ્યા ત્યારથી આપણે અન્ન, ધન, વસ્ત્રે સુખી થયા છીએ. તો આપણે શિક્ષાપત્રીનું અક્ષરસહ પાલન કરીશું તો જીવનમાં ક્યારેય કોઈ દુઃખ નહીં આવે.

આપણને દેવ, આચાર્યશ્રી અને પૂજનીય સંતો મળ્યા છે. તેના આશરે રહી ભગવાનને ભજી લેવા. એથી ઉત્તમ કોઈ કામ નથી.

આ સિદ્ધાંત વાતને ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્ગીતામાં અર્જુન સમક્ષ કહે છે કે :-

अनन्याश्चिन्त यन्तोमां,
ये जना पर्युपाषते ।
तेषां नित्य भेयु जताना,
योगक्षेम वहाम्यहम् ॥

અર્થાત્ અનન્ય ભાવથી ભજતા ભક્તોના યોગક્ષેમનું હું વહન કરું છું.

તો આજના શુભ પ્રસંગે શ્રીજી ચરણોમાં પ્રાર્થના છે કે હે મહારાજ અમારામાં તમારા પ્રત્યેની અનન્ય નિષ્ઠા દિન પ્રતિદિન વધતી રહે એજ પ્રાર્થના.

શ્રી સ્વામિનારાયણ

પ્રભુ ભક્તિનું પૂરેપુરું ફળ કોને પ્રાપ્ત થાય છે

- જયંતીભાઈ કે. સોની (મેમનગર - અમદાવાદ)



સંસારના દરેક મનુષ્યો પોતાને પ્રાપ્ત થયેલ પરમાત્માના સ્વરૂપોની ભક્તિ કરતા જ હોય છે. મોટા ભાગે આ લોકમાં સુખી રહેવા ભક્તિ થતી હોય છે. આત્મ કલ્યાણનો વિચાર તો કોક જ કરતું હોય છે. આત્મ કલ્યાણનો વિચાર કર્યા પછી પણ પ્રગટ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ થવી મુશ્કેલ છે. જો પ્રગટ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ સહેલાઈથી દરેક મનુષ્યને થઈ જતી હોત તો જગતના દરેક લોકો પોતાના આત્મ કલ્યાણનો માર્ગ સહેલો કરી લેત પણ આમ થયું નથી. પ્રગટ પરમાત્મા શ્રી સ્વામિનારાયણની ભક્તિ વગર આત્મ કલ્યાણ કોઈ કરવા સમર્થ નથી. અનેક જન્મોનાં સુકૃતોના ઉદયના ફળ સ્વરૂપે પ્રગટ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પીછાણ થાય છે. અને ભક્તિ પ્રાપ્ત થાય છે.

આપણને મળ્યા શ્રી સ્વામિનારાયણ ભગવાન તે સ્વયં પુરુષોત્તમનારાયણ છે. તેની ખાત્રી સ્વયં સ્વામિનારાયણ ભગવાને અમદાવાદના વચનામૃત-૭ માં આપી છે. નીચે પ્રમાણે સર્વથી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમછું. મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ એટલે ઠેકાણે ફર્યા અને પછી અમે દેહને વિષે આવ્યા અને ફેર અનંત સામું જોયુ ત્યારે એમ જણાણું જે, સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે અને વળી હું કેવો છું તો મારા પગને અંગુઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા માડે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમાં, તારા આદિક સર્વે તેજોયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો હું સર્વોપરિ એવું જે ધામ તેને પમાડીશ. આમ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં પોતે પ્રગટ પુરુષોત્તમનારાયણ છે તેની પ્રતિતિ કરાવી છે.

આમ આપણને શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને તેનું ભજન-ભક્તિ પણ કરતા હોય છે. છતાં ફળની પ્રાપ્તિમાં તફાવત હોય છે. શ્રીજી મહારાજની નવધા ભક્તિથી જીવમાં બળ જરૂર આવે છે પણ ફળદાયી ભક્તિ ત્યારે જ બને છે કે જ્યારે શ્રીજી મહારાજની મૂર્તિને હૃદયમાં ધારીને કરવામાં આવે. શ્રીજી મહારાજે વચનામૃતમાં પણ આનો ઉલ્લેખ કર્યો છે કે ભજન-ભક્તિ કે કીર્તન ગાવામાં મહારાજની સ્મૃતિ ન રહે તો ભજન-ભક્તિ કે ગાયેલું ન ગાયા બરાબર થાય છે. નવધા ભક્તિ જેવી કે, પ્રદિક્ષણા કરવી, દંડવત કરવા, જપમંત્ર-માળા-જનમંગલ પાઠ વગેરે આ ભક્તિનાં સઘળા સાધનો સ્વયં ફળદાયી નથી. પરંતુ

ઉપરોક્ત સાધનો જો પ્રભુ પ્રસન્નતા માટે જ કરાય તો જ મહારાજની મૂર્તિના બળનાં પ્રતાપે સાધનનું ફળ પ્રાપ્ત થાય છે. માટે જ ભક્તિની દરેક ક્રિયામાં મહારાજની મૂર્તિનું બળ રાખવામાં આવે તે જ ફળદાયી બને છે. મૂર્તિનું બળ માળા-પ્રદક્ષિણા-દંડવત-જનમંગલ પાઠ વિગેરે કાઉન્ટીંગ (ગણતરી) ઉપર જ ફક્ત ધ્યાન આપવામાં આવે, અથવા અન્ય ભક્તો સાથે સંસાર-વ્યવહારની વાતચીત કરતા કરવામાં આવે તેવી દરેક ક્રિયા શ્રમમાત્ર બની રહે છે. જેનાથી ફળની પ્રાપ્તિ થતી નથી.

શ્રીજી મહારાજ ગ.મ.નં. ૪૧ના વચનામૃતમાં જણાવે છે કે

ભક્તિ તો ફક્ત ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે જ કરવી, પણ કોઈ વખાણે તે સારુ ન કરવી, જીવનો તો સ્વભાવ જ છે જે જેમાં પોતાને માન જડે તે જ કરવું સારુ લાગે, જેમ શ્વાન હોય તે સુકા હાડકાને એકાંતે લઈ જઈ કરડે, પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું, લોહીવાળુ થાય તેને ચાટીને રાજી થાય છે. પણ મૂર્ખ એમ નથી જાણતો જે મારા જ મોઢાનું લોહી છે. તેમાં હું સ્વાદ માનુ છું. તેમ ભગવાનનો ભક્ત હોય તો પણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે.

પણ કેવળ ભગવાનની ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી. ભગવાનની ભક્તિમાં માનનો સ્વાદ આવે છે. ત્યારે કહે છે. આવું આપણને જો થતું હોય તો જાત તપાસ કરી સત્વરે સુધારો કરી લેવો. માટે જ શ્રીજી મહારાજ કહે છે કે મનનું ગમતુ મુકીને શ્રીજી મહારાજની આજ્ઞામાં રહીને જો થોડીક ભજન-ભક્તિ કરી હશે તો પણ તેનાં ઉપર શ્રીજી મહારાજની અસીમ કૃપા ઉતરશે. સતત ખ્યાલમાં રાખવું કે પ્રગટ પુરુષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કાંઈ થોડા પુણ્યે મળતી નથી. આપણા ઘણા જન્મોનાં પુણ્યને પ્રતાપે પ્રાપ્ત થયેલ છે. પ્રગટ શ્રી સ્વામિનારાયણ ભગવાન સિવાય આત્માને સુખી કરે તેવો કોઈ નથી એવા મહિમા સહિત ભક્તિ કરવી. અને મૂર્તિમાં સંલગ્ન થઈ કરેલ ભક્તિ પૂર્ણ ફળની પ્રાપ્તિ કરાવે છે. માટે જ ઉપરોક્ત મહિમાએ સહિત અગ્રતા ક્રમમાં ભક્તિ કરવી. જો વ્યવહારનાં દરેક કાર્યો પતાવ્યા પછી જ સમયની અનુકુળતાએ કરેલી ભક્તિ પણ નિમ્ન ફળ પ્રાપ્ત કરાવે છે. આવી ભૂલ હરગીજ ન કરાય. કરોડો જન્મથી આ જીવને ભજન-ભક્તિનો ઢાળ પડ્યો નથી. એટલે કોઈના કહ્યા બાદ કે અન્ય કોઈની પ્રેરણા વગર જીવને ભજન-કરવુ ગમતુ નથી. કોઈ સંભારી આપે તો જ ભજન થાય નહિ તો ન થાય. સાવધાન થઈ પ્રગટ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ થઈ ગઈ છે તેવું સમજાઈ ગયું છે ત્યારે આ જન્મે જ ફેરો સુફળ કરી લેવા આળસ-પ્રમાદનો ત્યાગ કરી માન-મોટપને કોરાણે મૂકી, જગત સંબંધી વ્યવહાર - તહેવારને ગૌણ બનાવી મહારાજનું જ મુખ્યપણું લાવી શ્રીજી મહારાજની આજ્ઞાનુસાર ભજન-ભક્તિ કરી લેવું તેમાં જ ડહાપણ સમાયેલુ છે.

માળા છે હાથમાં

"આચાર્યના નામની હો, માળા છે હાથમાં,
'સ્વામિનારાયણ' નામની હો, માળા છે હાથમાં,
કોઈને છેતરાય નહિ, જૂઠું બોલાય નહિ;
અવળું ચલાય નહિ હો, માળા છે હાથમાં.
ક્રોધ કદી થાય નહિ, કોઈને નિંદાય નહિ;
ઈર્ષા કોઈની થાય નહિ હો, માળા છે હાથમાં.
પરને પીડાય નહિ, "હું પદ" ધરાય નહિ;
કોઈ દુભાય નહિ હો, માળા છે હાથમાં.
સુખમાં છલકાય નહિ, દુઃખમાં રડાય નહિ;
ભગવાન ભૂલાય નહિ હો, માળા છે હાથમાં.
ધન સંધરાય નહિ, એકલા ખવાય નહિ;
ભેદ રખાય નહિ હો, માળા છે હાથમાં.
બોલ્યું બદલાય નહિ, ટેક કદી તજાય નહિ;
જીવતર લજવાય નહિ હો, માળા છે હાથમાં.
પૂ. આચાર્યશ્રી કહે, સત્ય ચુકાય નહિ;
'નરનારાયણ' વિસરાય નહિ હો, માળા છે હાથમાં."

પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

પ્રભાત ઉતારી પાથર્યું પૃથ્વી પર !

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

ગ્વાલિયરના રાજ ગવૈયાઓનું શાસ્ત્રીય સંગીતમાં યોગદાન ગણનાપાત્ર છે. તેઓ પુરસ્કાર પ્રાપ્ત કરવાની આકાંક્ષા રાખીને જૂનાગઢ આવ્યા. જૂનાગઢના નવાબ સાહેબે બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરેના બુલંદ કંઠથી શાસ્ત્રીય સંગીત સાંભળ્યું હતું. શ્રી સહજાનંદ સ્વામી સહેદે પૃથ્વી પર હતા ત્યારે શાસ્ત્રીય સંગીતની બોલબાલા હતી.

નવાબે આગંતુકોને કહ્યું : "ભાઈઓ ! તમે બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે પરમહંસોના મુખે એમનું સંગીત સાંભળશો તો તમારો અહંકાર ઓગળી જશે. એમના કંઠે શાસ્ત્રીય સંગીત સાંભળવું એ તો એક લ્હાવો છે. તેઓ રાગરાગિણી છેડે કે બસ હવા જ બદલી જાય ! એમનું સંગીત સાંભળીને પછી મારા દરબારમાં જરૂર આવજો, હું યોગ્ય કદર કરીશ."

ગ્વાલીયરના બધા ગવૈયાઓને (મંડળીને) નવાબે પ્રવાસખર્ચ વગેરે આપી રાજસેવકો સાથે ગઢડા રવાના કર્યા. ગ્વાલીયરના સંગીત ઉસ્તાદો સંધ્યા સમયે ગઢડા આવી પહોંચ્યા. સહજાનંદ સ્વામી સંધ્યાકાળે સભા ભરીને દાદા ખાચરના દરબારમાં ઢોલિયા પર વિરાજમાન હતા. આગેવાન ઉસ્તાદે નવાબનો સંદેશો મહારાજને આપ્યો.

"આપ સૌ લાંબો પ્રવાસ કરીને અહીં પધાર્યા છો તેથી પ્રવાસનો થાક લાગ્યો હશે. માટે સૌ પ્રથમ અમારા સંતો આપને સંગીત સંભળાવશે."

આમ કહીને મહારાજે પ્રેમાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને સંકેત કર્યો. સંતોએ શ્રીજીની આજ્ઞા થતા પોતપોતાનાં "સાજ" સજ્જ કર્યા.

"મહારાજ ! ક્યા રાગમાં ગાઈએ ?"

"ભૈરવ રાગમાં." શ્રીજીએ સૂચન કર્યું.

સંગીત શાસ્ત્રનો એ શિરસ્તો છે કે, સંધ્યા સમયે "ભૈરવ" રાગ ન ગવાય. ભૈરવ તો પ્રભાતમાં જ ગવાય. આથી ગ્વાલિયરના ગવૈયાઓમાં અંદરો અંદર ગણગણાટ શરૂ થઈ ગયો.

એક આગેવાન ગવૈયાએ બીજાને કાનમાં કહ્યું : "ગુજરાત ગાંડી કહેવાય છે તે આનું નામ! અહીં તો પ્રભાતે ગવાતો રાગ સંધ્યા સમયે ગવાય છે !"

અંતર્યામીના આદેશ અનુસાર પ્રેમાનંદ સ્વામીએ નીચેનું ધ્રુવપદ ભૈરવ રાગમાં ગાવાનું શરૂ કર્યું. બ્રહ્માનંદ સ્વામી તબલાં લઈ સજ્જ થયાં. મુક્તાનંદ સ્વામીએ સારંગીના સૂર છોડ્યા.

"ચંદન ચર્ચિત નીલ કલેવર,
સુંદર કટિતટ કસ્યો પટપીત;
પ્રેમાનંદ પ્રીતમ પ્યારે કી,
છબી પર તન મન બલિ જાઉં.
નિત.... નિત....."

આ ધ્રુવપદ ભૈરવમાં ગવાતાં ગઢપુરમાં હવા જ બદલાઈ ગઈ ! સર્વત્ર પ્રભાતનું વાતાવરણ સર્જાયું. આકાશમાં જે સંધ્યા ખીલી હતી, જે સંધ્યાની લાલી હતી તેમાં સૂર્યોદયનો ભાસ થયો ! અરે ! એટલું જ નહિ કુકડાઓ પણ ગર્જી ઊઠ્યા :

"કુ....ક....ડે....કુ"નો સ્વર સૌએ સાંભળ્યો !

ગ્વાલિયરના રાજ ગાયકોએ પ્રણામ કરી પ્રેમથી કહ્યું : "પ્રભુ ! હવે અમને ખ્યાલ આવ્યો કે, આપે સંધ્યાકાળે ભૈરવ રાગ શા માટે ગવડાવ્યો."

બીજે દિવસે બ્રહ્માનંદ સ્વામીને સાંભળ્યા, ત્યારે તેઓ તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા ! મહારાજે પાંચેક દિવસ તેમને રોક્યા, તેઓ નૈવેદ્યરૂપે પોતાનું સંગીત પ્રેમથી પીરસતા રહ્યા.


શિરપાવ તથા બ્રહ્માનંદ સ્વામીના ભલામણ પત્ર સાથે રાજગાયકો જૂનાગઢ આવ્યા. નવાબે ત્રણ દિવસ સુધી મંત્રમુગ્ધ બની તેમનું સંગીત સાંભળ્યું અને ભેટ-સોગાદ આપી રાજી કર્યા. રાજ ગાયકોએ કહ્યું : "જહાંપનાહ ! ગઢડા તો અમને જીવન ભર યાદ રહેશે."



નવાબે સસ્મિત કહ્યું :
"સ્વામિનારાયણ તો
ખુદ ખુદા છે અને
તેમના દીક્ષા લીધેલા
સંતો તો ઓલિયા જેવા છે."

ધર્મ સહિત ભગવાનની ભક્તિ કરવી

- કિશોર ભગત ગુરુ પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામી (જેતલપુર ધામ)



જેને આ દુઃખરૂપ એવો જે સંસાર તેના બંધનથી છુટીને આત્યંતિક મોક્ષ જે ભગવાનનું અક્ષરધામતેને પામવાંની ઈચ્છા હોય તેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભગવાનની ભક્તિ કરવી.

અને તે ધર્મ ત્યાગી તથા ગૃહસ્થ તથા બાઈઓ આદિકના શિક્ષાપત્રી ધર્મામૃત તથા નિષ્કામ શુદ્ધિ આદિકને વિષે શ્રીજી મહારાજે કહેલા છે. તે પ્રમાણે ધર્મનું પાલન કરવું અને તે ધર્મ કોને જાણવો ? તો શિક્ષાપત્રીમાં કહેલું છે જે શ્રુતિ તથા સ્મૃતિ તેણે પ્રતિપાદન કરેલો જે સદાચાર તેને ધર્મ કહેલો છે અને જીવ, માયાને ઈશ્વર તેના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહેવાય છે અને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે સિવાય બીજા પદાર્થમાં પ્રીતિ નહિ તેને વૈરાગ્ય કહેલો છે. આવી રીતે ત્રણે અંગ સહિત ભગવાનની ભક્તિ કરવી અને ભક્તિનું સ્વરૂપ એ છે જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્ય જ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તેને ભક્તિ કહેવાય છે.

આવી રીતે નવ પ્રકારની ભક્તિ છે તેને ધર્મનું મસ્તક કહેવાય છે. જ્ઞાન એ ભક્તિનું હૃદય કહેવાય છે. અને વૈરાગ્ય એ ભક્તિના ચરણ કહેવાય છે. માટે એ ત્રણે અંગે સહિત ભગવાનની ભક્તિ કરવી અને તેવા પ્રકારની ભક્તિને એકાંતિક ધર્મ કહેવાય છે તથા તેને જ ભાગવત ધર્મ કહેવાય છે અને તેવી ભક્તિને કરનારા ભક્તને એકાંતિક ભક્ત કહેતા ભાગવત ભક્ત કહેવાય છે. માટે ધર્માદિક અંગે સહિત જ ભગવાનની ભક્તિ કરવી અને તેવા પ્રકારની ભક્તિ તો સત્સંગ થકી જ પ્રાપ્ત થાય છે.

અને સર્વ અવતારના અવતારી એવા જે શ્રી પુરૂષોત્તમનારાયણ ભગવાન તેને સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય, સુખ એવા અનંત કલ્યાણકારી ગુણે યુક્ત યથાર્થપણે જાણવા. અને જેમાં ભગવાનનું સ્વરૂપ, ગુણ, ઐશ્વર્ય અને ચરિત્ર તેનું વર્ણન હોય તથા એકાંતિક સાધુના ધર્મ કહેલા હોય એવા જે શાસ્ત્ર તેને વાંચવા અને સાંભળવા.

અને તે શાસ્ત્રમાં કહ્યું હોય તે પ્રમાણે વર્તવું અને એકાંતિક સાધુનાં લક્ષણોને શાસ્ત્રો થકી જાણીને તેવા લક્ષણો જેને વિષે હોય તેવા સત્પુરુષોનો સમાગમ કરવો અને તેમની મરજી પ્રમાણે વર્તવુ અને ભગવાનની વિભુતિઓ છે તેને જાણે તથા ભગવાનનાં ગોલોક, વૈકુંઠ, શ્વતેદ્વીપ તથા બ્રહ્મપુર આદિક ધામો છે તેને સાંભળે તથા ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયરૂપ જે ભગવાનનાં અવતાર તેની કથાઓને હેતે સહિત સાંભળે તો ભગવાનને વિષે ભક્તિ ઉપજે અને તે ભક્તિ ત્રણે અંગ સહિત જ કરે તેને ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય છે. અને ભગવાનની ભક્તિ કરતો હોય અને તેમાં આત્મજ્ઞાન તથા વૈરાગ્ય તથા ધર્મ તે જો અંતરાય કરતા હોય તો તેને પણ પાછા પાડીને ભક્તિનું જ મુખ્યપણું રાખવું. કારણ કે વચનામૃતમાં શ્રીજી મહારાજે કહેલું છે જે અતિશય માહાત્મયે સહિત ભગવાનને વિષે જો ભક્તિ હોય તો ધર્માદિક એ ત્રણે અંગ તેને વિષે આવી જાય છે. તેમ શ્રીજી મહારાજે ભક્તિ કરવાનું ફળ આધિક કહેલું છે. ભક્તિ થકી બીજું કલ્યાણકારી સાધન બીજે ક્યાંય નથી.

શ્રી સ્વામિનારાયણ

આનંદની હેલી ગંગાજળિયા કૂવાની લીલા

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

ગઢડામાં એકવાર પાણીની તકલીફ પડી. શ્રીહરિનો ભક્ત નાથો મહારાજ માટે ગામમાં પાણી ભરવા ગયો. કેટલાક આસુરી તત્વોએ પાણી ભરવા ન દીધું. અવળાઈ કરી. નાથો ભક્ત બહુ ઉદાસ થઈ ગયા.

મહારાજે કહ્યું તમે ચિંતા ન કરશો. પાણી માટે ગામમાં ખોટો હલ્લો થાય એના કરતા આપણે દરબાર ગઢમાં જ કૂવો ખોદાવીશું. વાત પાકી થઈ. કોદાળી પાવડા આવ્યા. કૂવો ખોદતાં ખોદતાં પચીસ હાથ ઉંડો થયો. ત્યાં કાળમીંઢ પથ્થર આવ્યો. કૂવો ખોદનારા ભક્તો બોલ્યા, મહારાજ ! કૂવામાં પાણી થાય એમ લાગતું નથી. મહારાજ કહે, ચિંતા જરાય ન કરશો. કૂવામાં પાણી જોરદાર થશે. એટલું કહીને પ્રભુ પોતાના આસને બિરાજ્યા. કૂવો ગાળતાં ગાળતાં સેવકો થાક્યા. મહારાજ પાસે આવી બેઠા.

મહારાજના પાર્ષદ ભીમભાઈ એકલા જ કૂવો ગાળવા માંડ્યા. સેવા ભીમભાઈ કરે અને ધક્કા મહારાજને લાગે. પ્રભુથી રહેવાયું નહિ. એટલે કહ્યું, કોણ કૂવો ગાળે છે ? બીજા પાળાઓ કહે મહારાજ એ તો ભીમભક્ત છે. સાંભળીને તરત જ પ્રભુ ઉભા થયા, પાર્ષદોએ કૂવા કાંઠે વસ્ત્ર પાથર્યું. તેના પર મહારાજ બિરાજ્યા. થોડીવારમાં એ આસનનું વસ્ત્ર મહારાજે ઉપાડ્યું અને કૂવામાં ભીમભક્ત ઉપર નાંખીને પ્રભુ જરા સંતાઈ ગયા. ભીમ ભક્તે ઉપર જોયું અને બોલ્યા આ વસ્ત્ર કોણે ઉપર નાખ્યું ? ધીરે રહીને મહારાજ બોલ્યા, ભક્ત એ તો અમે તને આ પ્રસાદીનું વસ્ત્ર આપ્યું. એ તમે રાખજ્યો. જોયું ! સેવા કરનાર ભક્ત સાથે પ્રભુએ કેવો વિનોદ કર્યો ! વિનોદ કરીને વસ્ત્ર આપ્યું. વસ્ત્ર આપીને પ્રભુ પાછા ગાદીએ જઈને બિરાજ્યા. પછી તો કથા-વાર્તા ચાલુ થઈ. પેલી બાજુ ભીમભાઈ કૂવો ગાળતા હતા. ત્યાં એકદમ કઠણ પથ્થર આવ્યો. એક તો પથ્થર તૂટે નહિ અને વળી પાછી ભૂખ પણ જબરી લાગી. મનમાં ભૂખનો સંકલ્પ થયો. બીજું કોઈ જાણતું નથી. પણ મહારાજ બધું જાણે છે. ભગવાનથી કોઈ બાબત અજાણી ન હોય. બધાનું પોષણ એજ કરે છે. પ્રભુએ સભામાં જ બૂમ પાડીને રસોઈયાને બોલાવ્યો. જલ્દી કરો અમને ભૂખ ખૂબ લાગી છે.

તરત જ ઉનો ઉનો બાજરાનો રોટલો, ગોળ અને તાજું ઘી આપ્યું. મહારાજે તાંસળીમાં જ રોટલો ભાંગ્યો. અંદર ગોળ ભેળવ્યો સુંદર ઘી નાંખીને બરાબર ભેળું કર્યું. સભામાંથી કોઈક બોલ્યું, "પ્રભુ ! આટલો બધો દાખડો શાનો કરો છો ?" મહારાજ કહે, અમારો ભીમબહુ ભૂખ્યો થયો છે. એટલે. એટલું કહીને પ્રભુએ પોતે માથે બાંધલે ફેંટો છોડ્યો. એ ફેંટાની ઝોળી બનાવી તેમાં પેલા રોટલાની તાંસળી મૂકીને કૂવામાં ઉતારી. મહારાજ પણ જાણે વિનોદ કરતા હોય તેમ પેલી ઝોળી ભીમના માથે અડાડી ઓહ ! આ માથે શું અડ્યું ? ભીમે ઉપર જોયું તો ઝોળી અદ્ધર લટકે છે અને લટકાવનારો લટકંતે લપાઈ ગયો છે. આ ઝોળી કોણે મોકલી ? ઝોળીમાં જોયું તો અમૃત જેવું ભોજન ! આ મહારાજનું જ કામછે.

મહારાજ ! તમે શા માટે આવી તકલીફ લો છો ? મહારાજ કહે, ભીમ! તૂ ભૂખ્યો થયો છે. એટલે અમારા મનમાં થયું કે અમારો ભક્ત ભૂખ્યો થયો છે. તન તોડ સેવા કરે છે. એટલે અમે આ પ્રસાદ મોકલ્યો છે, તે જમી જા. પ્રસાદ જમીને હજુ તારે પેલો કાળમીંઢ પથ્થર કાપવાનો છે ને ! ભીમતો ગદ્ ગદ્ થઈ ગયો. પછી પ્રસાદ જમીને માંડ્યો પથ્થર તોડવા. પ્રસાદીના બળના જોરે પથ્થર તરત કપાયો. ખૂબ પાણી થયું. મહારાજે કૂવામાં કળશીયો નાંખી પાણી ખેંચ્યુ અને પીધુ. સૌએ એ પ્રસાદીનું જળ લીધું.

થોડા જ દિવસમાં ત્યાં એક બ્રાહ્મણ ગંગાજળ લઈને આવ્યો. તેણે પ્રભુની આગળ ગંગાજળની બે શીશીઓ મૂકી. મહારાજે એમાંથી જળ લઈને પોતાને મસ્તકે ચડાવ્યું. બાકીનું કૂવામાં રેડીને આ જળનો મહિમા અતિશે કહ્યો. આજથી આ કૂવાનું નામ ગંગાજળીયો કૂવો છે. પછી તો મહારાજના ભક્તજનો ઝાલ્યા ન રહ્યા. સો ઘડા પાણી ખેંચીને મહારાજને નવડાવ્યા. જયજયકાર થયો. બહુજ મજા આવી.

નવા વર્ષે લેખક તરફ વાચકોને ઉમળકાપૂર્વક નૂતન વર્ષાભિનંદન સહ જય સ્વામિનારાયણ.

સત્સંગ મુગટ

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

સુખો ન થયો લીલો પણ આલમ બન્યો અમીર !

બોટાદની બાજુમાં રાણપુર ગામ. ગામમાં સુખા મહારાજ રહે. ગઢપુરમાં શ્રીજી મહારાજનો યોગ થયો કંઠી બાંધી સત્સંગી બન્યા. પવિત્ર બ્રાહ્મણ હતા. યજમાન વૃત્તિ આચરે. ઘર અભરે ભરેલું પરંતુ આપવામાં જીવ ટૂંકો.

મહારાજ જ્યાં બિરાજતા હોય ત્યાં લીલા લહેર જ હોય ને ! આ સુખા મહારાજ તો ગઢડે જ પડ્યા-પાથર્યા રહેતા, કથા વાર્તામાં બેસતા ને રોજ નીત નવી રસોઈ જમતા. કાઠી દરબારો એ રાણપુર જઈ તપાસ કરી જાણ્યું કે આ સુખા મહારાજ ને તો ભીખવાના હેવા પડી ગયા છે. બાકી ઘેર તો લીલા લહેર જ છે. એકવાર લાગ જોઈ સુરા ખાચર બોલ્યા : પ્રભુ ! આ સુખા મહારાજ ઘણા દિવસથી સંકલ્પ કરે છે કે મહારાજ સખા સહિત મારા ત્યાં પધારે અને મુજ રંકનું ખોરડું પાવન કરે ! આપ તો અંતર્યામી છો પ્રભુ ! આપે સુખા મહારાજને ત્યાં પધારવું પડશે ! સાંભળી મહારાજ મલકાયા. ને સુખા મહારાજની સામે જોયું.

"હા મહારાજ ! આપે પધારવું જ પડશે. મારે ત્યાં આપના પાવન પગલાં ક્યાંથી ? બોલો ક્યારે પધારશો ? સુખા મહારાજ તો હાથ જોડી ડોલવા લાગ્યા."

"તમારો ભાવ છે તો કોક'વાર પૂરો કરીશું. રાણપુર તો લોયા જતાં રસ્તાનું ગામ કહેવાય." મહારાજે પણ ભાવ ઉપર મહોર મારી.

પછી તો સુખા મહારાજ અવાર નવાર યાદ કરાવવા લાગ્યા. મહારાજ કહે : "જોઈશું." "જોઈશું નહિ નક્કી કરો. મારે ત્યાં આ બહોળા સમુદાયને લઈને આવવાનું જ છે." સુખા મહારાજ તાણ પર તાણ કરવા લાગ્યા.

સંવત ૧૮૮૪ ની સાલનો અન્નકૂટ કરમડમાં કરવાનું નક્કી કરવામાં આવ્યું. ધોલેરા દરબાર જેઠીભાઈનાં બહેન ફુલજીબાનાં આગ્રહને વશ થઈ કરમડ-એમનાં સાસરે

શ્રી સ્વામિનારાયણ

અન્નકૂટોત્સવ ઉજવવાનું ગોઠવવામાં આવેલું. શ્રીહરિ એ વખતે ગઢડામાં ચાતુર્માસનાં ઉત્સવો કરી રહ્યા હતા. મહારાજ રોજ સભા કરતા અને નીત નવી જ્ઞાનવાર્તાઓ પીરસતા.

એક દિવસ સભાને અંતે સુખા મહારાજે યાદ કરાવ્યું. આપણું નિમંત્રણ ભૂલાય નહિ હો મહારાજ !"

મહારાજ કહે અમને યાદ જ છે. આ વખતનો અન્નકૂટ કરવા અમારે ધોલેરાની બાજુમાં કરમડ જવાનું છે તે વખતે તમારે ત્યાં બપોરનું ભોજન ગોઠવી દઈશું."

મહારાજે જ્યારે ખરેખર આવવાની વાત કરી કે સુખા મહારાજનું તો જાણે લોહી ઉડી ગયું. એ તો વિચારોમાં સરી પડ્યા. મહારાજે ઢંઢોળ્યા "એય સુખા મહારાજ ! સાંભળ્યું ને !"

"હા પ્રભુ હા, આ તો જરા વિચારમાં અટવાઈ ગયો કે શી રસોઈ કરીશું ?"

સુરા ખાચર તરત બોલ્યા, "સાટા-જલેબી રાખજો ને વધુ ભાવ હોય તો માલપૂડા ને દૂધપાક બનાવજો."

મહારાજ તો મુખે આડો રૂમાલ દઈ હસતા હતા. સુખા મહારાજનું અર્ધટાલિયું કપાળ પરસેવે પલળી ગયું હતું. મહારાજે આજ એમને માપી લીધા હતા.

ખભે ખડિયો નાખી સુખા મહારાજે રજા લીધી. સીધા રાણપુર આવ્યા. પત્ની અને દીકરા દીકરીને ભેગાં કરી બધી વાત કરી અને ચેતવ્યાં કે "આ તો કાઠિયા પ્રભુ છે અડધી રાત્રે પણ આવી ટપકે, કંઈ કહેવાય નહિ પણ આપણે ખબડદાર રહેવાનું છે."

કાઠી દરબારો ને સંતો-હરિભક્તોનો વિરાટ સંઘ લઈ શ્રીહરિ કરમડ જવા સંચર્યા. બોટાદ રાત રહી બીજે દિવસે રાણપુર પધાર્યા. સંઘ રાણપુરની બજારમાંથી નીકળ્યો અને રાણપુરના હરિભક્ત જીવરામભાઈ સુખા મહારાજની ખડકી પાસે મહારાજને દોરી ગયા. શ્રીહરિએ માણકીનું પેગડું છોડ્યું ને સાંકળ ખખડાવી. સુખાનો છોકરો બારણે આવ્યો. ખડકી ઉઘાડી જોયું તો શ્રીજી મહારાજ પોતે પધાર્યા છે. એ તો પોપટિયું રટણ કરી ગયો. "મહારાજ ! મારા પિતાજી આજે જ ગામતરે ગયા. અમે તમને રોજ સંભારીએ છીએ પણ હવે શું થાય ? ફરી ક્યારે પધારશો !"

અંતર્યામીથી શું અજાણ્યું હોય ? સુખો મહારાજ

ઓરડામાં સોડ તાણીને સૂતો હતો એ તેઓ જાણતાં હતા, મહારાજ જીવની અવળચંડાઈ જોઈ મરક મરક હસી રહ્યા.

સુરો ખાચર કહે "મહારાજ ! આ સુખો આજ સુધી ગઢડે રહી કંઈ કેટલુંય ઘી-સાકર ઓહિયા કરી ગયો હશે ! એનાં નસીબ ફૂટ્યાં તે આજે જ ગામતરે ગયો ! ખભર તો હતી જ કે આપ પધારી રહ્યા છો તો હાજર રહેવું જોઈએ ને ?"

કરુણાસાગર શ્રીહરિએ વેણ વધ્યા. "તેનું નામજ સુખો છે. આપણે તો એને લીલો કરવો હતો તે એના ઘેર આવ્યા પણ ભાગ્યમાં નહિ એટલે સુખો સૂકો જ રહેશે." એમ કહી મહારાજ માણકીએ અસવાર થયા.

બપોરાં થવાને હજુ ત્રણેક કલાકની વાર હતી. "ચાલો, આપણે મોલેસલામને ચોરે જઈએ ત્યાં અમારા બડે મિયાં રહે છે, એમને મળી લઈએ." મહારાજે સૌ સંઘને કહ્યું :

સૌ ચોરે આવ્યા. ત્યાં રાણપુરના બડેમિયાનું ઘર હતું. મહારાજ ભક્તોને પૂછી રહ્યા હતા.

"બડે મિયાંનું ઘર આટલામાં જ ક્યાંક છે તપાસ કરો."

બડેમિયાનું નામસાંભળી બડેમિયાં ના દીકરો આલમ બહાર આવ્યો. એણે જોયું તો મોટો સંઘ લઈ શ્રીજી મહારાજ સ્વયં પધાર્યા હતા.

પિતા બડેમિયાં એ એકવાર ઉગામેડી ગામે મહારાજનાં દર્શન કરેલાં ત્યારથી એમનું હૈયું હેરાઈ ગયેલું. "પ્રભુ ! કોકવાર રાણપુર પધારો ત્યારે મારું ખોરડું પાવન કરજો. મોલેસલામના ચોરા બાજુ રહીએ છીએ."

ભગવાન અને ભક્તની આંખો પહેલીવાર જ મળેલી અને બડેમિયાં મહારાજના બંદા બની ગયા. તેમ મહારાજે પણ મોલેસલામના ચોરાનું નામ હૈયામાં નોંધી લીધું હતું. આજે પોતાના એ પ્રેમી ભક્તજન પછી ભલે એ મુસલમાન હતા. એને લાભ આપવા મહારાજ સામે ચાલીને પધાર્યા હતા.

પિતાનાં રૂડા સંસ્કાર આ ૧૬ વર્ષના આલમમાં બરાબર પાંગર્યા હતા. એણે મહારાજને જોયાં. દંડવત્ કર્યા.

"તુમ કૌન ?" મહારાજે પૂછ્યું.

"હમ આલમમિયાં, બડેમિયાં કા ફરજંદ"

મહારાજ કહે, "બડેમિયાં કિધર ગયા ?"

"વો તો અહમદાબાદ ગયા છે"

"ઠીક ત્યારે ચાલો....."

"પણ આપ કહો તો ખરા કેમ પધારવું થયું ?"

મહારાજ કહે, "બડેમિયાંએ કહેલું કે, રાણપુર આવો ત્યારે અમારે ત્યાં પધારજો પણ એ તો ઘરે નથી...."

"પણ હું છું ને, પ્રભુ ! એ ઘર સાથે નથી લઈ ગયા. ને મારી અમ્મા પણ આપને યાદ કરે છે. આવો પધારો અમારા ઘેર." એમ કહી માણકીનું ચોકડું ઝાલી લીધું.

આલમ ઝટ ઘેર ગયો. અમ્માને બધી વાત કરી. બીબીના આનંદનો પાર ન રહ્યો. એ ઝટપટ બહાર આવી. મહારાજને અહોભાવથી નમન કર્યું ને કહ્યું, "હે પરવરદીગાર ! પધારો આ ઘર આપનું જ છે." એમ કહી ઝટપટ ખાટલાં ઢાળી દીધા. ઉજળી દૂધ જેવી પથારીઓ પાથરી દીધી. સંઘને ઉતારા કરાવ્યાં. સામે જ બ્રાહ્મણોનાં ઘર હતા. વાણિયાને ત્યાંથી સીધું લેવડાવ્યું ને રસોઈનાં મંડાણ કર્યા.

મહારાજે જમવાની ના કહી પણ એ માન્યાં જ નહિ, "પ્રભુ ! હું એમ ભૂખ્યા ન જવા દઉં. બડેમિયાંની ડેલીએ આવેલો કોઈ ભૂખ્યો ન જાય, ત્યારે આપતો અમારા ખુદાતાલા છો, તારણહાર છો. હમણાં જ રોટલા થઈ જશે..... ઘડીક આડે પડખે થાવ, આરામ કરો !"

મહારાજે નાનકડા આલમને ખેંચ્યો, હેત કર્યું વાતો કરી. મહારાજ એના અંતરમાં વસી ગયા.

બ્રાહ્મણોએ ખીચડી, કઢી, શાક બનાવી દીધા. બ્રાહ્મણ બહેનોએ બાજરાના રોટલા ટીપીને તૈયાર કરી દીધા. પંક્તિ પડી ગઈ. ભેંસોના કણીદાર ઘીમાં ડૂબાડૂબ રોટલા-દહીંની તાંસળીઓ - હાલારી ગોળ ને અથાણિયાં મરચાં - સૌએ પેટ ભરીને મહેમાનગતિ માણી.

આજે એક મુસલમાન મા-દીકરો સંઘ સહિત પરવર દીગારને જમાડવામાં અછો અછો થઈ રહ્યાં હતા. તો પેલી બાજુ સુખો અને એનો પરિવાર સાવ કોરો રહી ગયો હતો !

શ્રીહરિએ હેતના ઓડકાર ખાધા. એલચી દાણાના મુખવાસ લીધા.

મહારાજે રમૂજ કરી, "સુરા ખાચર ! કોને ધન્યવાદ દેવા ? બડેમિયાંને, આ બીબડીને કે એનાં આ આલમને ?"

"પ્રભુ ! ધન્યવાદ તો સુખા મહારાજને દેવા જોઈએ. એણે

(અનુસંધાન પાના નં. ૨૨ ઉપર)



પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી
"મનુષ્ય શરીર પરમાત્માની અમાનત"


સંકલન - કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

આ જગત છે. તે કોણે બનાવ્યું છે ? તો શ્રીજી મહારાજે. મહારાજે તેવી રચના કરી છે કે બધા વ્યવસ્થિત હળીમળીને રહી શકે. કોઈ પણ એક કુટુંબનો મોભી હોય તે શું ઈચ્છે ? તો તે એમ ઈચ્છે કે બધા એકતાથી રહે અને બધા વચ્ચે પ્રેમ જળવાઈ રહે. પરંતુ આજે મનુષ્ય જીવનનું ધ્યેય શું છે ? અને માણસનું જીવન કેવું હોવુ જોઈએ ? તેની માણસને ખબર નથી હોતી અને જ્યારે માણસને તેનો ખ્યાલ આવે છે ત્યારે તેની જીંદગી પૂરી થઈ જવા આવી હોય છે. આજે માણસ કોઈપણ જગ્યાએ સર્વિસ ઈન્ટરવ્યુ કે એડમિશન માટે જાય છે તો તેને પોતાની ઓળખ આપવા માટે કોઈ મોટા માણસની ઓળખાણ અથવા ભલામણ પત્રની જરૂર પડે છે. તેનું મુખ્ય કારણ શું છે ? તો તેનું મુખ્ય કારણ એ છે કે તેને પરમાત્મા પર અતૂટ શ્રધ્ધાને કારણે નહિ, પરંતુ બીકને લીધે ભગવાનનું ભજન કરતા હોય છે. તો તેવું ન હોવું જોઈએ. પરંતુ પરમાત્મા પર અતૂટ શ્રધ્ધા હોવી જોઈએ. એક વ્યક્તિને એક વખત ઓફિસમાં ઈન્ટરવ્યુ આપવા જવાનું થાય છે. તો ઈન્ટરવ્યું લેવાવાળા ભાઈ પૂછે છે કે તમારી ફાઈલમાં કેમ કોઈ મોટી વ્યક્તિનો ભલામણ પત્ર નથી. ત્યારે પેલા ભાઈ કરે છે કે મારૂ આ મનુષ્ય શરીર એ જ પરમાત્માએ મને આપેલી મોટામાં મોટી ઓળખાણ છે. કેમકે આપણને જે મનુષ્ય શરીર મળેલું છે એ ભગવાને આપણને આપેલી મોટામાં મોટી ભેટ છે. અને એ કાયમી નથી અમુક સમય પછી પરમાત્માને પાછી આપવાની છે. અર્થાત્ આપણો જીવાત્મા છે તેની સાથે આપણું કારણ શરીર જોડાયેલું છે. તેમાં આપણે વધારે ને વધારે સદ્‌ગુણો કેળવવાના છે.

શ્રી સ્વામિનારાયણ

પરમાત્માએ આપણને જે ભેટ આપેલી છે તેના પર ડાઘ પડવા દેવાનો નથી. આપણે કોઈ વ્યક્તિને આપણી વસ્તુ સાચવવા માટે આપી હોય તો તે વ્યક્તિ આપણને તે વસ્તુ ખરાબ કરીને પાછી આપશે તો આપણે તેને સ્વીકારીશું ? નહિ સ્વીકારીએ તરત જ કહીશું કે મારી વસ્તુ આવી ન હતી. અથવા તો કોઈની વસ્તુ આપણી પાસે હોય તો આપણે પણ એ વસ્તુને સાચવવી પડે છે. અને આપણાથી ખરાબ થઈ હોય તો તેને નવી લઈ આપવી પડે છે. તેવી રીતે ભગવાને આપણને આ મનુષ્ય શરીર આપેલુ છે. તેને દુર્ગુણોથી ભરી દઈશું તો અંત સમયે પરમાત્મા આપણા આત્માને તેમની સાથે નહી લઈ જાય અને અહીંયાને અહીંયા જ મુકી જશે. અર્થાત્ લખ ચોર્યાસી યોનિમાં ફરવું પડશે.

અને અંતમાં સદ્‌ગુણો કેળવવાના અનુસંધાનમાં પ.પૂ. ગાદીવાળાશ્રી એ કહ્યું કે મોક્ષ પ્રાપ્તિ એ જ મનુષ્ય જીવનનું ધ્યેય છે. માટે જીવનમાં કોઈનો અવગુણ નહિ લેવાનો, કોઈ ઈર્ષા નહિ કરવાની, કોઈની જોડે ઝઘડો નહિ કરવાનો, કોઈનું અહિત ન ઈચ્છવું, તેમજ કોઈના દોષ નહિ જોવાના અને કોઈની જોડે રાગ-દ્વેષ નહિ કરવાના અને હા આપણામાં જે આ બધા દુર્ગુણો છે તેનું મુખ્ય કારણ તો તે વ્યક્તિ, વસ્તુ કે પદાર્થ સાથે રાગ-દ્વેષ છે. તે જ છે. રાગ-દ્વેષ એટલે ગમો-અણગમો અથવા તો તે વ્યક્તિ વસ્તુ કે પદાર્થ તરફથી મળતા સુખ કે દુઃખને લીધે રાગ-દ્વેષ થાય છે. પરંતુ આપણને જે સુખ-દુઃખ આવે છે તેમાં કોઈને દોષિત નહિ જોતા મને જે કાંઈ મળે છે તે મારા શુભ-અશુભ કર્મનું ફળ છે. અને તેના કર્મફળ પ્રદાતા (કર્તા-હર્તા) પરમેશ્વર છે. તેવી દૃષ્ટિ કેળવાશે તો જ રાગ-દ્વેષમાંથી મુક્ત થવાશે અને એકબીજાની સાથે શુદ્ધ પ્રેમ કેળવાશે પરિણામે જીવનમાં શાંતિ આવશે અને રાગ-દ્વેષમાંથી મુક્ત થયેલી વ્યક્તિ અનાયાસે જન્મ-મરણના બંધનમાંથી મુક્ત થાય છે. તો ચાલો આપણે સૌ સાથે મળી પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાનું પાલન થઈ શકે તેવી શક્તિ આપણને શ્રી નરનારાયણદેવ આપે તેવી આ નૂતન વર્ષમાં શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ. તેમજ સર્વે સત્સંગીને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન સહ જયશ્રી સ્વામિનારાયણ.



શ્રીજી મહારાજને પ્રિય મૂળીધામ

- સાંખ્યયોગી કંચનબા (ધ્રાંગધ્રા સ્વા. મંદિર)

શ્રીજી મહારાજને ઝાલાવાડ ખૂબ પ્રિય હતું અને મૂળી ધામમા તો મહારાજ વરસમાં બે મહિના રહેતા. મહારાજને ઝાલાવાડનો સત્સંગ અને ભક્તિ પણ ખૂબ ગમતા. આવા એક ઝાલાવાડના ગામ ધ્રાંગધ્રા શ્રીજી મહારાજ પધાર્યા અને ચોવીસ દિવસ સુધી ચોવીસ અવતારના દર્શન આપ્યા હતા તેની વાત કરીએ.

શ્રીજી મહારાજે કાઠીયાવાડ અને ઝાલાવાડના અઢાર હરિભક્તોને કાગળ મોકલી લખ્યું કે કાગળ વાંચી જયાં હોવ ત્યાંથી ચાલી નીકળજો. સીમમાં તથા પરગામ જ્યાં સાંભળો ત્યાંથી ચાલી નીકળજો અને જેતલપુરમાં ગોવિંદાનંદ સ્વામી પાસે જઈ સાધુ થઈ આવજો.

આવા અઢારે સાધુ અને બીજા હરિભક્તોને લઈ મહારાજ ધ્રાંગધ્રા આવતા હતા પથ્થરની ખાણોનું ગામ એટલે ધ્રાંગધ્રા. ધ્રાંગ-પથ્થર, ધરા-જમીન, રજવાડાનું ગામછે. ત્યાં ગામ બહાર એક તલાવ છે. જેને હાલ જોગાસર કહે છે. તે જોગાસર કિનારે પ્રભુ સંતો સહિત ઉતર્યા. તે ગામમાંથી હરિભક્તો શ્રીહરિ માટે ખાન-પાનની તમામ સગવડ કરતા અને દર્શન અને સત્સંગનો આનંદ લેતા.

તે સમયે ધ્રાંગધ્રાના રાજકુમાર રણમલસિંહજીને સોનું લેવું હતું. ધ્રાંગધ્રાના એક હરિભક્ત જેમનું નામ મુળજીભાઈ ઓઝા કે જે સોનાનો વેપાર કરતા. તેમને બોલાવ્યા હતા. વાત વાતમાં રાજકુમારે મુળજીભાઈને પૂછ્યું કે સ્વામિનારાયણ બહુ ચમત્કારી છે. ઘણા માણસોને પોતાના વિશે ચમત્કાર જણાવે છે. અને સાંભળ્યું છે કે અમારા બાજુના ગામ મેથાણના અજા પટેલ સહિત અઢાર જણ તેમના એક વચને ગરાસ અને ઘર બાર મુકી સાધુ થઈ ગયા છે. તો અમારે સ્વામિનારાયણને જોવા છે.

હરિભક્ત મુળજીભાઈએ કહ્યું કે હાલમાં તેઓ અહીં તલાવની પાછળ જ ઉતર્યા છે. માટે રાજા સાહેબને ખબર ન પડે એ રીતે ફરવા નિમિત્તે પધારો અને એમને જોઈ આવો. વાત સાંભળી બંને ભાઈ રણમલસિંહજી તથા લધુભા ઘોડા ફેરવીને આવ્યા અને શ્રીજી મહારાજને તથા બીજા સંતોને જોતા હતા.

શ્રીજી મહારાજ વડ નીચે બેઠા હતા. બન્ને ઘોડેથી નીચે ઉતરી શ્રીજી મહારાજને પગે લાગી બેઠા અને પ્રભુને જોતા એવું સુખ થયું કે જે બ્રહ્માંડમાં બીજે ક્યાંય નથી. સર્વે સંતોને પણ યોગાભ્યાસ કરતા જોયા. પછી મુળજીભાઈ ઓઝાને બોલાવી કહ્યું તમારા ગુરુને જવા દેશો નહી અને સંત હરિભક્તોને જમાડવાનો તમામ ખર્ચ અમે આપીશું. રાજકુમાર દરબારમાં જઈ, વાળુ કરી સૂતા અને શ્રીજીની મૂર્તિ સંભારતા રટણ થવા લાગ્યું કે ક્યારે સવાર પડે ને શ્રીહરિના દર્શન કરવા જાઉ.

બીજે દિવસે પોતાના બાપુ અમરસિંહજીને પૂછ્યું કે સ્વામિનારાયણ અહીં તલાવને કાંઠે આવ્યા છે. અમારે બંને ભાઈઓને ત્યાં જવું છે તો આપ રજા આપો તો જઈએ. રાજા સાહેબે કહ્યું આપ જરૂર અસવારી લઈને જાઓ. ત્યારે અસવારી કરી ઘોડા, હાથી, મેના, પાલખી સરબંધી આરબની બેરખની શોભા લઈ તેઓ શ્રીજી મહારાજ પાસે આવ્યા. ત્યારે શ્રીજી મહારાજે મોટા મોટા ધોળા હાથી, ઘોડા, વિમાન, રથ, બિછાના, બેઠક, પુષ્પના હાર, ગજરા મેવા જેવું આ લોકથી પર અલૌકિક ઐશ્વર્ય બતાવ્યું. તે જોઈ અસવારીમાં આવેલા સૌ વિસ્મયથી શ્રીજીને ચરણે પડ્યા.

કુમાર રણમલસિંહજીને મોરલી બજાવતા શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન દીધા. કુમારે પ્રશ્ન કર્યો કે ભગવાનને શું સાધને કરી પામી શકાય ? ત્યારે શ્રીજીએ કહ્યું દેવનું અર્ચન કરવું, બ્રાહ્મણનું પૂજન કરવું, નાના પ્રકારના દાન કરવા, મધુર વ્રાણીએ બોલવું, હિંસા, પરસ્ત્રીનો ત્યાગ કરવો, ચોરી, માટી, દારૂનો ત્યાગ કરવો તો પ્રત્યક્ષ ભગવાન મળે અને આ લોકમાં મોટી કીર્તિ મળે. ઉપરાંત પરલોકમાં પણ ભગવાનનું ધામ મળે. એવી ઘણી ઘણી વાતો શ્રીહરિએ કરી.

રાજકુમારે શ્રીજી મહારાજને એક માસ સુધી રાખ્યા અને શ્રીહરિના ઉપદેશ મુજબ જનકરાજાની જેમ પ્રજાને પૂત્રવત રાખી રાજમાં રહીને પણ પ્રભુને ભજ્યા. તેઓ પૂજા કરતા, બ્રાહ્મણની ચોરાશી કરી ત્રાંબા-પિત્તળના વાસણોની લાણી કરતા, નિત્ય ગૌ દાન કરતા. અને કાઠિયાવાડ તથા ઝાલાવાડમાં ખૂબ નામના મેળવી. શ્રીજી મહારાજ જ્યારે એક માસ રોકાયા ત્યારે તેમણે મહારાજને પૂછ્યું કે શાસ્ત્ર માં જે ચોવીસ અવતાર કીધા છે તે કેવા હશે ? ત્યારે શ્રીજી એ નિત્ય પ્રત્યે નવા અવતાર રૂપે ચોવીસ દિવસ સુધી ચોવીસે અવતારમાં અનુક્રમે કૃષ્ણ રૂપે, રામચંદ્રજી રૂપે, મચ્છ રૂપે, કચ્છ રૂપે, વરાહ રૂપે, હયગ્રીવ રૂપે, વામન રૂપે, કપીલ રૂપે, દત્તાત્રેય રૂપે, હંસ રૂપે, યજ્ઞ રૂપે, ધન્વંતરી રૂપે, મોહીની રૂપે, નરનારાયણ રૂપે, ઋષભદેવ રૂપે, નારદજી રૂપે, વ્યાસ રૂપે, બુદ્ધ રૂપે, નૃસિંહ રૂપે, પૃથુ રૂપે, સનત્કુમાર રૂપે, પરશુરામરૂપે, બળદેવ રૂપે દર્શન દીધા.

તલાવને કાંઠે રહી શ્રીહરિએ તથા સંતોએ, જ્ઞાન, સત્સંગ કરાવ્યો. યોગાભ્યાસ કર્યો તે તલાવને ફરી ગળાવીને શ્રીહરિની સ્મૃતિમાં તેનું નામ જોગાસર પાડ્યું. આજે પણ ધ્રાંગધ્રા સ્વામિનારાયણ મંદિરના બહેનો દર વર્ષે શાકોત્સવ જોગાસર જઈ ઉજવે છે. ત્યાં જઈ શ્રીહરિના કીર્તનો ગાઈ અને શ્રીહરિના ઐશ્વર્યની વાતો સંભાળી સત્સંગનો લ્હાવો લે છે.

શ્રીહરિએ રણમલસિંહજીને જેવું સત્સંગનું બળ આપ્યું એવું બળ આપણને સૌ હરિભક્તોને આપે એવી શ્રીજી મહારાજને પ્રાર્થના.


●

શ્રી સ્વામિનારાયણ

મુળજી બ્રહ્મચારી

- જયશ્રી સુરેશ ઝિંઝુવાડીયા (ધ્રાંગધ્રા)

ભગવાન સ્વામિનારાયણ ખૂબ જ દયાળુ હતા. સાથે સાથે તે વખતમાં પણ જમાનાની સાથે રહી સમાજમાં ઘણા સમયથી ઘર કરી ગયેલા કુરિવાજોને દૂર કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો. અ ા વ ા આપણા પ્ર ભુ -ા ા સાંતા- ભક્તો પણ કોટી કોટી પ્રણામને અધિકારી છે. આવા જ એક સતત પ્રભુ સાંગાથે રહેતા સેવા કરતા મુળજી બ્રહ્મચારી હતા.



મુળજી બ્રહ્મચારી મછિયાવના ઔદિચ્ય બ્રાહ્મણ હતા. એમને રામાનંદ સ્વામીના વખતથી સત્સંગ હતો. તે પછી શ્રીજી મહારાજનો સમાગમ થતા તેમના અનન્ય આશ્રિત થઈ રહ્યા. શ્રીજી મહારાજની મૂર્તિ જોઈ ત્યારથી મૂર્તિ વિના એક ક્ષણ પણ ન રહી શકે. શ્રીજીનો જ મહિમા, શ્રીજીની જ વાતો, વાર્તા કરતા સમાધિ થઈ જાય અને શરીરનું પણ ભાન ન રહે. આ બધી વાતો દરબારને ખબર પડતા તેમણે મૂળજી બ્રહ્મચારીના (ઘર) ખોરડા ગરાસ પડાવી લીધા અને ગામમાંથી રજા આપી દીધી.

ત્યારથી તેઓ મહારાજ પાસે આવી તેમની સેવામાં રહ્યા. તેમને ગામમાંથી નીકળ્યા ચાર માસ થયા ત્યાં સુધી બિલકુલ વરસાદ ન થયો. બીજા બે માસ વાયરો વાયો. લોકોએ જાણ્યું કે દરબારે ભગતને કાઢી મુક્યા એટલે વરસાદ નહીં વરસે. દરબાર કહે તો મુળજીને પાછા બોલાવો અમે તેમને ઘર ખોરડા પાછા આપીએ. તેમણે માણસ મોકલ્યો. તેણે મહારાજ પાસે આવીને મુળજી બ્રહ્મચારીને પાછા મોકલવા કહ્યું અને દરબારનો પત્ર આપ્યો.

પત્ર વાંચી શ્રીજી મહારાજે મુળજી બ્રહ્મચારીને મછિયાવ જવાની આજ્ઞા કરી. દરબારે બ્રહ્મચારીનો સત્કાર કરી તેમના ઘર પાછા આપ્યા. ત્યારબાદ ખૂબ વરસાદ થયો.

પછી બ્રહ્મચારીએ સૌને ભગવાનના નિયમને સત્સંગ આપી પ્રભુ પાસે પાછા આવ્યા.

તેઓ ભગવાનની જેમ મરજી હોય તેમ રહેતા. કોઈ વખત મહારાજ ગુસ્સે થાય કે કાઢી મુકે તો મનમાં સંકલ્પ વિકલ્પ કર્યા વિના પ્રભુની મરજી એમ માનતા. મહારાજ અને મુળજી કચ્છમાં જતા હતા ત્યારે માર્ગમાં વાતો કરતા મહારાજ કહે. "મુળજી તમે મને કેવા જાણો છો ?" મુળજી કહે, હું તમને ભગવાન જાણું છું. "મહારાજ કહે તમને ભગવાન બનાવું. ત્યારે મુળજી કહે : મારે ભગવાન નથી બનવું. માર ખવડાવો કે પૂજાવો તો પણ મારે ભગવાન નથી બનવું. અને ભગવાન તેમને આ બને કરાવતા. માર પણ ખવડાવતા અને પૂજા પણ કરાવતા."

મહારાજે સદાયે તેમને પોતાની પાસે કૃપાપાત્ર જાણી રાખ્યા હતા. મુળજી બ્રહ્મચારીના ગુણો ગાઈએ એટલા ઓછા છે. તેઓ મહાગુણને પાત્ર હતા. જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા અને ભગવાનમાં મહિમાએ સહિત નિષ્કામ ભક્તિવાળા હતા. શ્રીહરિના માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચયવાળા હતા. એમનું જીવન ફક્ત ભગવાનને રાજી કરવા અર્થે જ હતું. અક્ષરસ્વરૂપ હતા. મહારાજ રાખે તેમ રહેતા.

મહારાજે તેમને બાઈઓ સાથે બોલવાની હા કહી હતી. મહારાજ કહેતા કે મુળજીને બાઈઓનું ભાન નથી. એ તો શુકજી જેવા નિર્વિકારી છે. હજારો બાઈઓમા જાય તો પણ સ્ત્રીનો મોહ ન થાય એવા છે.

આવા પરમ આદર પાત્ર મુળજી બ્રહ્મચારીના ગુણ લખ્યે પાર આવે તેમ નથી.

●

સાચા સંતો એ સત્સંગનું ઘરેણું છે

– પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)

પૂર્ણ પુરુષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાન ધર્મદેવ અને ભક્તિ માતાના પુત્ર અવતારના અવતારી કરુણાના સાગર સૌ પ્રથમ લોજમાં પધાર્યા ત્યારે પૂ. રામાનંદ સ્વામી દીક્ષીત કુલ ૫૦ સંતો લોજમાં હતા. મહારાજે સત્સંગમાં આવી તેમનું પોષણ કર્યું. ૫૦ માંથી ૫૦૦ પરમહંસો બનાવ્યા. છેલ્લે મહારાજે દાસ પરંપરા શરૂ કરી. આજે હજારો સંતો સંપ્રદાયમાં છે. સત્સંગને પોષણ સંતો આપી શકે છે. ગામડામાં હરિભક્તો મંદિર કરવું હોય તો લખણી કરે તો પૈસો ન થાય પણ સંતો કહે કહે તો લોકો તુરત રૂપિયા આપે. તે સંતોનો મહિમા છે. માણસ ભલે ન ઓળખે પણ સંત સ્વયં સામા મળે એટલે તુરત ભલે અજાણ્યા હોય પણ ઉભો રહી વંદન કરશે ને હરિભક્ત સંતના ચરણ સ્પર્શ કરશે. સંતો સામે બ્રહ્મા કે શિવ જેવા મોટા દેવ પણ હોય તો હારી જાય તો જગતના સામાન્ય માણસની ક્યાં વાત કરવી. હંમેશા ધાર્યું ધણીનું થાય છે. પછી ધણી સંતને જ આધિન છે. મહારાજ પોતે સભામાં બોલ્યા કે આ સંતોની સભા જે પક્ષમાં છે તેનો જ વિજય છે. પણ સંત કેવા ? ધર્મકુળને આશ્રિત અને તેમની આજ્ઞામાં વર્તવાવાળા હોય તેજ સાચા સંત કહેવાય. સંપ્રદાયમાં નંદ સંતોને મહારાજ અક્ષરધામથી સાથે લાવ્યા હતા. સંત સિવાય તમને સારી વાત કોઈ કહી શકે નહિ. આ જગતમાં ભગવાન અને સંત સિવાય આપણું કોઈ નથી. સંસારનો સંબંધ સ્વાર્થથી ભરેલો છે. સગી મા પોતાના દીકરાને મોટા કરે એ મોટા થઈ મારી સેવા કરશે આટલો સ્વાર્થ તો માને છે. આ વાત હૃદયમાં જડી રાખો. સંતોનો અપરાધી કે દ્રોહી કોઈ કાળે સુખી ન થાય. બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું કે :-

પ્રભુ પદ પ્રગટ કરાવતા પ્રીતિ,
ભરમ મીટાવત ભારી,
સંત પરમ હિતકારી,
જગતમાંહી સંત પરમ હિતકારી.

સ્વામિનારાયણ ભગવાને પોતાના દત્તક પુત્રો પૂ. આચાર્ય મહારાજશ્રીને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી કે સંતોને આદર થકી માનવા. જે હરિનો કેટલો મોટો વિવેક છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું કે :-

સંત વિના રે સાચી કોણ કહે સાચા સુખની વાત,
દયા રહી છે જેના દિલમાં નથી ઘટમાં ઘાત.....
જેમ જનની ને હૈયે હેત છે, સદા સુતને સાથ,
અરોગી કરવા અભર્કને પાયે કડવેરા કવાથ.....
જેમ ભમરી ભરે ભારે ચટકો પલટવા ઈયળનું અંગ
સંતો કટુ વચન કહે આપવા આપણો રંગ.....
સંતો જાણે સગા સહુના જીવ જરૂર જાણી
નિષ્કુળાનંદ નિર્ભય કહે આપે પદ નિર્વાણ સંત વિના
સાચી કોણ કહે સાચા સુખની વાત.

●

શ્રી સ્વામિનારાયણ

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

દિવાળીનો તહેવાર કાયમ હોય ખરો ?

– શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

જય સ્વામિનારાયણ ગણેશ ! ઓહોહો.... હરેશ તું ! આજ તો ધન ધડી તું મલ્યો. ઘણા દિવસે આ બાજુ આવ્યો? હા. શું થાય યાર, એવા ફસાયેલા છીએ કે ટાઈમજ મળતો નથી. અનેક ઉપાધિઓ ચાલ્યા કરે. આ તો દિવાળીના થોડા દિવસ સારું સારું લાગે. પણ હવે તો દિવાળીએ ગઈ એટલે પાછા હતા ત્યાં ને ત્યાં.

જો ભાઈ હરેશ એવું નથી. દિવાળી ગઈ નથી. શું વાત કરે છે ગણેશ ! તારૂં કેલેન્ડર જુદું ચાલતું લાગે છે. ના ભાઈ એવું નથી. મારી વાત તો સાંભળ. હા બોલ. તો જો જેના જીવનમાં ભક્તિ છે. સત્સંગ છે, સેવા છે એને તો કાયમી દિવાળી હોય છે. ઉપાધિઓ એનાથી દૂર ભાગે છે. આજે જ એક વાત વાંચવામાં આવી.

એક સત્સંગીને ત્યાં મહાનુભાવાનંદ સ્વામી પધારેલા. પછી સ્વામીની વિદાય વખતે તે હરિભક્તે કહ્યું, સ્વામી ચાલો ગાડે બેસો તમને જ્યાં જવાનું છે ત્યાં હું પહોંચાડી દઈશ. ગાડું તૈયાર કર્યું. હવે એ હરિભક્તને સારણગાંઠની ભારે તકલીફ હતી. ઉભા ન રહેવાય, ચાલવામાં પણ કષ્ટ થતું. એ દર્દની કોઈ દવા નહોતી. એ સમયમાં ઓપરેશન પ્રચલિત નહોતાં એટલે સારણ ગાંઠવાળાએ તો સહન કર્યા જ કરવું પડે. આ ભક્ત પણ સારણગાંઠનું દુઃખ સહન કરતા હતા. વારંવાર આંતરડાં નીચાં ઉતરે અને હાથથી દાબ્યા કરે. આ ભક્તને ખબર હતી કે ગાડે બેસવાથી ધણધણાટના કારણે બહુ જ તકલીફ થાય. છતાં સ્વામીને બહારગામ મૂકવા જવા હું જાતે જઈશ જ, મારૂં જે થવું હોય તે ભલે થાય. આવી સેવા ક્યાં મલશે ? કોઈએ કહ્યું તમને તો આ મુશ્કેલી છે. માટે બીજા કોઈને મોકલો, તો કહે થઈ થઈને શું થશે ? ધામમાં જઈશું. પણ મારે સ્વામીને મૂકવા જવા છે. બળદો જોડ્યા. મહાનુભાવાનંદ સ્વામી ગાડામાં બેઠા. આ ભક્ત જાતે ગાડું ચલાવવા માંડ્યા. સ્વામી માળા ફેરવવા માંડ્યા.

બળદો પોતાના ધ્યાનમાં ચાલ્યા જતા હતા. એ વખતે ઓચિંતા એક ખેતરની વાડમાંથી સસલું કુદયું અને બળદો ભટક્યા. એ વખતે આ ભક્ત પણ બે ધ્યાન હતા. એટલે ગાડાથી નીચે પડી ગયા. પડ્યા તો પડ્યા પણ એના ઉપર ગાડાનું પૈડું ફરી વળ્યું. મહાનુભાવાનંદ સ્વામીને વિચાર આવ્યો કે જે ગાડા ઉપર અમે બેઠા હોઈએ અને આ હરિભક્ત ઉપર ગાડાનું વજનદાર પૈડું ફરી ગયું છે હે મહારાજ, આ ભક્તની રક્ષા કરજો. આ ભક્ત પણ મૂર્છિત થઈ ગયા હતા. કારણ કે પેટમાં બે બાજુ સારણગાંઠ હતી. બરાબર એ જ ભાગ ઉપર ગાડાનું પૈડું ફરી ગયું. ગાડાના ભારે વજનથી ઢીલું પડી ગયેલ આંતરડું અંદર ચડી ગયું અને જ્યાં પેટના પડદામાં કાણું પડી ગયેલું હતું. એમાંથી આંતરડું બહાર આવતું હતું. એના ઉપર ગાડાના પૈંડાનો એવો ભાર આવ્યો કે પેટનો એ પડદો જાણે વેલ્ડીંગ થઈ ગયો.

આ ભક્તને તો જાણે ચમત્કાર થયો. ભાનમાં આવીને ઉભા થઈ ગયા. સ્વામીએ કહ્યું તમે આરામ કરો, હવે ગામ થોડે દૂર છે. એટલે ચાલતા જ પહોંચી જઈશું. નહીં સ્વામી ગાડે બેસો. મને કંઈ જ કષ્ટ નથી. પછી સ્વામીને મૂકી પોતાને ઘેર આવ્યો. હસતાં હસતાં ચાલવા માંડ્યા. ખેતરનું કામ કરવા માંડ્યા. ભારા ઉપાડવા માંડ્યા. ત્યારે કોઈએ પૂછ્યું તમને તો સારણગાંઠની મુશ્કેલી છે અને કઈ રીતે ખેતીનું કામ કરી શકો છો ? એ બધું દુઃખ પીડા મટી ગયાં. પણ કઈ દવાથી મટ્યું એ તો કહો. એ દવા તો અદ્‌ભુત છે ! બધાથી ન થાય જેનાં પુણ્ય હોય તે જ આવી દવા કરી શકે. પણ કહો તો ખરા ! તો સાંભળો. મહાનુભાવાનંદ સ્વામી જેવા સંતો ગાડે બેઠા હોય. ગાડામાં નવા બળદ જોડ્યા હોય ને બળદ ભડકે અને પડી જવાય ને ગાડાનું પૈડું પેટ ઉપર ફરી જાય અને સારણગાંઠ

મટી જાય.

જો ભાઈ હરેશ, લોકોને દિવાળી ગઈ પણ આ ભક્તને કાયમી દિવાળી થઈ ગઈ. આવી મોટી ઉપાધિ હતી તે પણ જતી રહી અને આનંદથી ભજન કરવા લાગ્યા. પોતાનું કામ સંભાળવા લાગ્યા. એ હતું સેવાનું ફળ. આ રીતે જેના જીવનમાં ભગવાન ભૂલાતા નથી, ભજન ભૂલાતું નથી. સેવાને સત્સંગ ભૂલાતાં નથી તેના માટે બ્રહ્માનંદ સ્વામીના શબ્દો સાચા છે.

"બ્રહ્માનંદના રે વહાલા, તમ સંગ રમતા મારે,
દહાડી દહાડી છે દિવાળી, હૈડામાં મુને વહાલાં."

વાહ ગણેશ વાહ ! તેં તો મારી ચિંતાઓ બધી દૂર કરી દીધી અને નવી કાયમી દિવાળી મારા જીવનમાં લાવી દીધી. હવે હું ક્યારે પણ ભજન-ભક્તિ, સેવા સત્સંગ નહિ ભૂલું. તારો ખૂબ ખૂબ આભાર, ચાલ ત્યારે જય સ્વામિનારાયણ ભલે ત્યારે જય સ્વામિનારાયણ.

મિત્રો ! વાંચ્યુ ને તમારે પણ જીવનમાં કાયમ દિવાળી જોઈતી હોય તો આ લેખને વિચાર પૂર્વક વાંચીને અપનાવજો.

●

ભક્તની પરીક્ષા ગમે ત્યારે થઇ શકે

– સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

તમે કદાચ મિલેન્ટ્રીની તાલીમ જોઈ હશે. કેમ હથિયાર ચલાવવાનો કેમકરીને શત્રુને પકડવા. સૈનિકોની તાલીમ પછીની પરીક્ષાઓ તથા પરાક્રમો પણ જોયા હશે. પણ ધર્મની તાલીમ જોઈ છે ? તેની પરીક્ષાઓ વિશે કાંઈ સાંભળ્યું છે. નથી સાંભળ્યું ને તો ચાલો આજ જેતલપુરમાં તુલજારામની ભારે કસોટી થાય છે. તે કેવી છે તે જોઈએ.

સ્વામિનારાયણ ભગવાન જેતલપુરના કોઠામાં બિરાજ્યા હતા. આ જેતલપુર માટે નિષ્કુળાનંદ સ્વામીએ વર્ણન કર્યું છે કે,

ધન્ય ધન્ય જેતલપુરધામ,
વહાલે કર્યું જેને નિજધામ,
તીયાં મરે પાપી નરનાર,
તે તો ન જાય જમને દ્વાર.

આ જેતલપુરમાં મહારાજના તથા સંતોના એટલા બધા ચરિત્રો થયા છે કે ત્યાં કોઈ પાપી જીવ પણ મરીને જમપુરીમાં ન જાય. આવા પાવન-પવિત્ર જેતલપુરમાં સ્વામિનારાયણ ભગવાન કોઠામાં બિરાજ્યા હતા. મોટી સભા ભરાઈને બેઠી હતી. ત્યાં સભામાં પ્રાંતિજના એક સત્સંગી તુલજારામ આવ્યા. તુલાજારામ જ્યાં વંદન કરે છે મહારાજને, ત્યાં તો પ્રભુએ કડક કસોટી કરી.

તુલાજારામ! કેટલા સમયથી સત્સંગી થયા છો ? સ્વામિનારાયણ ભગવાનનો પહેલો જ પ્રશ્ન કેટલો મહત્વનો છે. કેટલા સમયથી સત્સંગી થયા છો ? પ્રાંતિજના તુલજારામે ગૌરવ ભેર મહારાજની આગળ જવાબ આપ્યો. મહારાજ ! રામાનંદ સ્વામીના વખતથી સત્સંગી છું. આશરે વીસ વર્ષ થયાં હશે.

શ્રીહરિ કહે, "તો દેહભાવ ગયો કે હજુ નથી ગયો ? અંદરથી આત્મભાવ જાગ્યો છે કે નહિ ?"

પહેલો પ્રશ્ન તો સમજાય કે કેટલા વર્ષથી સત્સંગમાં છો? પણ બીજા પ્રશ્નમાં તો ભારે વાત મહારાજે પૂછી. દેહભાવ ગયો છે ? આત્મભાવ જાગ્યો છે ? ગમે તેટલો કઠણ પ્રશ્ન હોય પણ નિયમિત સજાગતાથી અભ્યાસ કરનાર વિદ્યાર્થી સરળતાથી ઉત્તર આપે. તેમ જેના હૈયામાં ગુરુની કૃપાથી ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય તેના માટે દેહભાવ ટાળવો અને અખંડ આત્મ ભાવમાં રહેવું તે તો જાણે સહજતાથી વર્તવા બરોબર છે.

મહારાજના આ પ્રશ્નનો તુલજારામે તરત ઉત્તર આપ્યો. હે મહારાજ ! હું તો સચ્ચિદાનંદ રૂપ છું. સુખ દુઃખ દેહના ભાવ મને છે જ નહિ. હું તો તમારો દાસ છું. અને આત્મા છું.

તુલજારામનો અડગ જવાબ જાણે સિંહની ગર્જના સમાન ઘા પડ્યો. સિંહ ક્યારે પણ ઘાસ ન ખાય. અને હરિભક્ત ક્યારે પણ દેહના દાસ ન થાય. આ તો સહજાનંદી સિંહની વાત છે. ગમે તેટલી આકરી કસોટી થાય પણ પગ પાછો ન પડે.

મહારાજે કહ્યું, "ઓહો ! મોટા આત્માવાળા ન જોયા હોય તો" એક પાર્ષદની તલવાર મહારાજે મંગાવી. આવો જોઈ લઈએ. કેવા આત્મારૂપ છો. પ્રભુએ હાથમાં તલવાર લીધી તુરજારામ, બોલો હવે દેહભાવ છે કે

આત્મભાવ ? "મહારાજ આત્મા છું." "તો તલવાર માથા ઉપર પડે છે ?"

મહારાજની આકરી વાણી સાંભળતા પોચા મનનાં હોય તેના તો હાજા ગગડી જાય. મનમાં થાય કે મહારાજ તારણહાર છે કે મારણહાર તલવાર લઈને ડારો દે છે.

પણ કસોટી કોની થાય છે. સહજાનંદી સિંહની. તુલજારામનો નિશ્ચય અડગ હતો. તે જાણતા હતા કે કાળ, કર્મ, માયાને મારે માથે કોઈ ભાર નથી. સુખ અને દુઃખના દાતા મારા માટે કર્તા હર્તા સર્વસ્વ એક મહારાજ પોતે જ છે. એમની દયાથી હું આત્મારૂપ થયો છું. માટે હવે આ દેહનો મોહ મને ક્યાંથી ઉપજે.

તુલજારામે જવાબ આપ્યો : "મહારાજ" "આત્માને તલવાર ક્યાંથી કાપવાની છે. મહારાજ, આ દેહ સાથે મારે લેવા કે દેવા."

"બીક તજીને રે, નિત હિંમત સોતો બોલે,
મસ્તક માયા રે, સર્વે તૃણ જેવું તોલે."

તુલજારામના જવાબમાં જાણે સહજાનંદી સિંહની ગર્જના ગાજતી હોય તેવું સર્વે સભામાં જણાયું પણ આ તો કસોટી કાળ કહેવાય. આટલેથી મહારાજ ન અટક્યા.

મહારાજે તો કહ્યું, "જો જો હવે હમણાં જ ચીસ પાડશો." મહારાજ ચિંતા નથી. મને કોઈ ભય કે બીક નથી. આપના હાથે તલવાર ઝીકાય તો તો મારા ધન્ય ભાગ્ય હું તો મરી જઈશ. "તો લ્યો ત્યારે માથું ધરજો બરાબર !" અને મહારાજ ઉભા થઈને બાજુમાં ગયા.

સભામાં બેઠેલાને પરસેવો વળી ગયો કે હવે ખેલખલાસ મહારાજ શું કરશે ? ત્યાં તો તલવાર એક બાજુ ફેંકી દઈને પ્રભુએ તુલજારામની પીઠ થાબડી. ધન્ય છે. ભક્તરાજ ધન્ય છે. ભક્તરાજ ધન્ય છે. આનું નામ આત્મભાવ.

મિત્રો ! જગત અને ભગતના રસ્તા જુદાં હોય છે. જગતના જીવો અહં-મમત્વથી બંધાયેલા હોય છે. અને જગતના સુખ દુઃખના ચક્કરમાં એવા ફસાય છે કે એમાંથી બહાર જ નીકળી શકતા નથી. જ્યારે ભગવાનના ભક્તો એનાથી પર હોય છે. જે કાંઈ બને છે તે મારા ઈષ્ટદેવની ઈચ્છાથી બને છે. સુખ થાય કે દુઃખ થાય પરંતુ સમાનભાવ રાખી ભગવાનનું ભજન કરે છે તે જ સાચા આત્મનિષ્ઠ છે. ભગવાનના ભક્ત છે. અને ભગવાનની કસોટીમાં એજ પાસ થાય છે.

સત્સંગ સુરભી પાના નં ૧૫નું ચાલું

જાકારો દીધો ત્યારે આપનાં ચરણ આ ડેલીએ આવ્યા ને !" સાંભળી મહારાજ હસ્યા ને કહ્યું, "બ્રાહ્મણ હોય ને ભેગો ને ભેગો રહેતો હોય તોય કોરો રહે ને મુસલમાન હોય ને ક્યારેય સત્સંગમાં બેઠો ન હોય તોય ખાટી જાય. આત્મા સંસ્કારી હોય તો જ ભગવાનને ભગવાનના સંત ઓળખાય. આલમિયા નાના છે પણ સંસ્કારી છે. સુખા મહારાજ કોરા રહી ગયા."

બડેમિયાનાં પરિવારજનો સાક્ષાત્ શ્રીહરિનો પ્રસાદ પામ્યાં. ધન્ય બન્યાં.

સંઘને વળાવવા સૌ ભાગોળ સુધી ગયા. પીપળાવાળી ધાર પાસે નારેચાણા હનુમાનજીનું દેરું છે. અહીંથી મહારાજે સૌને પાછા વાળ્યા.

નાનકડા આલમને બીબીએ મહારાજ પાસે પઢાવીને મોકલ્યો, આલમે માણકીની સરક ઝાલી કહ્યું, "પ્રભુ ! નજર રાખતા રહેજો." એમ કહી પેંગડે ભરાવેલ મહારાજના ચરણને ચૂમી રહ્યો. મોતી મઢી મખમલી મોજડીને આ મુસ્લિમ બિરાદરે આંખે અડાડી ત્યારે આથમણી કોરે સરતા સૂરજને પણ ઘડીભર "આલમ" બની જવાનું મન થઈ ગયું !

સૌએ જોયું કે કરુણાભીના શ્રીહરિની આંખોમાં હેતનો મહેરામણ છલકી રહ્યો હતો. સંઘે લોયા રાત્રિ રોકાણ કરી કરમડની વાટ લીધી ત્યારે હજુ પણ સુખા મહારાજના ઘર બંધ હતા. રખેને મહારાજ મોડી રાત્રે પણ પાછા આવી જાય તો ! અને આ બાજુ નાનકડો આલમ આજે આખાય આલમનો સર્વ શ્રેષ્ઠ અમીર બન્યો હતો. શ્રીહરિના અવિરત હેતની પ્રસાદી પામીને !

શ્રી સ્વામિનારાયણ

..... પ્રશ્ન પેટી .....

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ જીવુબાના સાસુનું નામ શું હતું ?

પ્ર. : ૨ "પ્રેમભક્તિ જેને ઘટ આવે, તેહને રંગ હરિ રાચે રે" - આ કીર્તનના રચયિતા કોણ છે ?

પ્ર. : ૩ શિક્ષાપત્રીના ૧૨૦માં શ્લોકમાં કઈ આજ્ઞા છે ?

પ્ર. : ૪ જુનાગઢના નવાબનું નામ શું હતું ?

પ્ર. : ૫ "મારા જીવનમાં બે-બે સદ્‌ગુરુના સૂરજ આથમી ગયા અને હું અભાગણી એમની એમ જીવું છું" - આવું કહેનાર ગંગામાના જીવનમાં એવા ક્યા બે સદ્‌ગુરુ હતા.

પ્ર. : ૬ શ્રીમદ્‌ ભાગવતમાં દશમ સ્કંધમાં શકટાસુરનો મોક્ષ શ્રીકૃષ્ણ ભગવાને કર્યો છે તે, શકટાસુર પૂર્વજન્મમાં કોનો પુત્ર હતો ?

પ્ર. : ૭ અદ્‌ભુતાનંદ સ્વામીના મામા કોણ હતા ?

ઓકટોમ્બર-૨૦૦૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શિક્ષાપત્રી શ્લોક ૧૨૯.

(૨) ગ.મ. ૨૨.

(૩) અચિંત્યાનંદ વર્ણી.

(૪) (૧) પદ્મ (૨) મહાપદ્મ (૩) શંખ (૪) મકર (૫) કચ્છપ (૬) મુકુંદ (૭) કુંદ (૮) નીલ (૯) ખર્વ.

(૫) ગીરધરભાઈએ પોતાને રહેવા માટે હવેલી કરાવી હતી. શ્રીજી મહારાજ તથા સંતોને પધરાવી વાસ્તુ કરાવવું હતું.

(૬) "લગાડી તેં પ્રીતિ લાલ રે, પ્રીતલડી તેં તો લગાડી."

(૭) અવિનાશાનંદ સ્વામી.

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઈઓનું (સીતાપુર)

૨. સાંખ્યયોગી કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)

૩. વિનોદભાઈ પી. પટેલ (વહેલાલવાળા)

૪. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)

૫. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)

૬. સાં.યો. રસિલાબા તથા અસ્મિતાબા (અમદાવાદ હવેલી)

૭. સાંખ્યયોગી રંજનબા, રેખાબા (બાલાસિનોર)

૮. સાંખ્યયોગી ભારતીબા, મંજુબા (કાલુપુર હવેલી)

૯. સાંખ્યયોગી શિલ્પાબા, શિતલબા (કાલુપુર હવેલી)

૧૦. અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા)

૧૧. વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)

૧૨. હસુબેન કે. ઠક્કર (ઈસનપુર)

૧૩. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર મૂળીદેશ)

૧૪. પટેલ ગોરધનભાઈ શંકરભાઈ (સોજા)

૧૫. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)

૧૬. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)

૧૭. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ

સત્સંગ સમાચાર

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દિપોત્સવી પ્રસંગે ઉજવાયેલ વિવિધ ઉત્સવો

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના દિવ્ય અલૌકિક સાનિધ્યમાં અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શન મુજબ દિપોત્સવી પ્રસંગના ભવ્ય ઉત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયા હતા.

<u>સમૂહ શારદા પૂજન ચોપડા પૂજન</u>

સંપ્રદાયની પરંપરાગત શાસ્ત્રોક્ત વિધિનુસાર સમૂહ શારદા પૂજન ચોપડા પૂજન તા. ૧૭-૧૦-૨૦૦૯ ને શનિવારના શુભ દિને સાંજના ૫-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર સંપન્ન થયું હતું. સતત બે કલાકથી પણ વધુ સમય સુધી પૂજન વિધિ ચાલેલ. જેમાં અમદાવાદ શહેર અને બહારગામના ૮૦૦ જેટલા વહેપારી હરિભક્તોએ પોતાના વહેપાર ઉદ્યોગ ધંધાના ચોપડા ઉપરાંત લેપટોપ કોમ્પ્યુટરનું પણ પૂજન કરાવીને આધુનિકતા અને ધાર્મિકતાનો સમન્વય જોવા મળ્યો હતો. કાલુપુર મંદિરના વિદ્વાન મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના કૂનેહ પૂર્વકના સુંદર માર્ગદર્શનથી ઈલેકટ્રોનિક મિડિયાની દૂરદર્શન, ઈ.ટીવી, બ્રીજ ટીવી, ગુજરાત ચેનલ અને ટી-વી ૯ જેવી અનેક ચેનલોના માધ્યમથી ગુજરાતની કરોડો ધાર્મિક જનતાએ આ પ્રસંગનું કવરેજ નિહાળીને ખૂબજ ભાવ વિભોર થયા હતા.

<u>અન્નકૂટોત્સવ દર્શન</u>

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના છપ્પન ભોગ અન્નકૂટની અલૌકિક દર્શન-આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. જેના સુંદર દર્શન પણ દૂરદર્શન અને ઈ-ટીવી અને ટીવી-૯ દ્વારા ગુજરાતની ધાર્મિક જનતાએ કર્યા હતા. અત્રે મંદિરમાં હજારો ભક્તજનોએ અન્નકૂટ દર્શન કરીને ધન્ય બન્યા હતા.

નૂતન વર્ષના પ્રાતઃ ૫-૦૦ કલાકે મંગળા આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. આ પ્રસંગે સંત હરિભક્તોની ભીડ મંદિરમાં સમાતી ન હતી. શહેર અને પરા વિસ્તારના ભાગ્યે જ કોઈ દર્શન વિહોણા રહ્યા હશે. ખરેખર આવા ભવ્ય મંદિરમાં નૂતન વર્ષના શુભ દિને સાક્ષાત્ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના દર્શન કરવા એ ભાગ્યશાળી ને જ પ્રાપ્ત થાય.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાની બેઠકમાં હરિભક્તોને નૂતન વર્ષના ખૂબજ રાજી થઈ દર્શન આપી આશીર્વાદ આપતા હતા. તેજ રીતે હવેલીમાં બહેનોને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજાના દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપતા હતા. કોઠાર ઓફિસમાં પૂજ્ય મહંત સ્વામી અનેક ભક્તોને નૂતન વર્ષના આશીર્વાદ પાઠવતા હતા. આ ઉત્વસ પ્રસંગમાં કોઠારી પાર્ષદ દિંબર ભગતના માર્ગદર્શન મુજબ જે.કે. સ્વામી, હરિચરણ સ્વામી (કલોલ), બળદેવ સ્વામી (બાપૂ), યોગી સ્વામી, ભંડારી સૂર્યપ્રકાશ સ્વામી, નટુ સ્વામી (જૂનાગઢ), નિલેશ ભગત, ભૂષણ ભગત અને ચેતન ભગતે સુંદર સેવા બજાવી હતી. કાઠીયાવાડી હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. ૨૮ દેશોના તમામ ગામોના હરિભક્તોને (ભાઈઓ-બહેનોના) અન્નકૂટ પ્રસાદ-કેલેન્ડર-દક્ષાનું વિતરણ કારતક સુદ ત્રીજ સુધીમા તો પુરૂ થઈ ગયું હતું. હરિભક્તો પણ આવી સમયસરની પ્રવૃત્તિ જોઈ ખૂબજ રાજી થયા હતા. દિપોત્સવી પ્રસંગે ઠાકોરજી સમક્ષ અને સભા મંડપ, નિજ મંદિર અને દરવાજા ઉપર સુંદર રોશની ગોઠવવામાં આવી હતી. દિપોત્સવી ખૂબજ આનંદ ઉલ્લાસ અને દર્શનનું અલૌકિક સુખ મેળવીને સૌએ ઉજવી હતી.

(કોઠારી જે. કે. સ્વામી)

કાંકરિયા મંદિરમાં માગૃતિ યજ્ઞ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત

સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રે કાંકરિયા મંદિરમાં કાળી ચૌદશના દિવસે શ્રી હનુમાનજી મહારાજ સમક્ષ મારૂતિ યજ્ઞ ધામધૂમથી ઉજવાયો. જેની પૂર્ણાહુતિ સ.ગુ. શાસ્ત્રી સ્વામી માધવપ્રસાદદાસજીએ સંતો સાથે કરી હતી. રાત્રે ઓચ્છવ મંડળ દ્વારા ઓચ્છવ અને હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવેલ. સૌ ભક્તજનોએ દર્શન કરી ખૂબજ રાજી થયા હતા.

<u>લાભ પાંચમ</u> કષ્ટ ભંજનદેવના સાનિધ્યમાં પ્રસાદીની દિવ્ય ભૂમિપર લાભ પાંચમના ભવ્ય સમૈયો થાય છે. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એમ સમગ્ર ધર્મવંશી પરિવાર દર્શનાર્થે પધાર્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કષ્ટભંજનદેવનો મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો હતો.

અત્રે કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઠાકોરજીનું રસોડું, ભોજનાલય, સંતનિવાસનું નિર્માણનું ભૂમિપૂજન પ.પૂ. આચાર્યમહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયુ હતું. આ પ્રસંગે મહાપૂજા પણ યોજવામાં આવી હતી. વિશાળ સભામાં પૂ. લાલજી મહારાજશ્રીએ બાળ સ્વરૂપ કષ્ટભંજનદેવનો મહિમા સુંદર રીતે વર્ણવીને આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ, જેતલપુરના સંતો પધાર્યા હતા. (નરોત્તમભગત)

જૂના વાડજમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા પી.પી. સ્વામી (નાના) ના માર્ગદર્શનથી તા. ૨૧-૧૦-૦૯ થી તા. ૨૭-૧૦-૦૯ પર્યન્ત વક્તા સંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર)એ સવાર સાંજ કથામૃતનો લાભ આપ્યો હતો. જેના યજમાન કેશવભાઈ નાથાભાઈ કાથરોટીયા, નાથાભાઈ ડુંગરભાઈ કાથરોટીયાની પુણ્ય સ્મૃતિમાં ગં.સ્વ. રળીયાતબેન કેશવભાઈ કાથરોટીયા પરિવાર રહ્યા હતા.

તા. ૨૭-૧૦-૦૯ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારવામાં આવી હતી. પ્રાસંગિક સભામાં અમદાવાદ કાલુપુર મંદિરના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, શા. સ્વામી આનંદજીવનદાસજી આદિ સંતોએ ખૂબજ મનનીય આશીર્વાદ આપ્યા હતા. જૂના વાડજ, નવા વાડજ અને આજુબાજુના વિસ્તારના ઘણા હરિભક્તોએ કથાનો લાભ લીધો હતો. શ્રી મનહરભાઈ અને શ્રી સંજયભાઈ કાથરોટીયા બન્ને ભાઈઓએ પોતાના પિતૃ અર્થે સુંદર પારાયણ કરાવીને મહા અલૌકિક લાભ લઈ પિતૃઋણમાંથી મુક્ત થયા હતા.

આ પ્રસંગે સભા સંચાલન યુવાન શાસ્ત્રી સ્વામી ચૈતન્યસ્વરૂપદાસે (શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર) સુંદર રીતે સંભાળ્યું હતું. (શા. અભયપ્રકાશદાસ)

તીર્થભૂમિ વહેલાલ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સાધુ ચૈતન્યમુનિની પ્રેરણાથી તા. ૨૦-૯-૦૯ ના રોજ શ્રી વ્રજેન્દ્રપ્રવેશદ્વાર તથા ભક્તરાજ જેશીંગભાઈ યાત્રિક ભૂવનનું શુભ ઉદ્ઘાટન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે સંપન્ન થયું હતું. પૂ. મહારાજશ્રીએ પ્રથમ બહેનોના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને યજ્ઞની પૂર્ણાહુતિ કરીને ભાઈઓના મંદિરમાં આરતી ઉતારવા પધાર્યા હતા.

ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રીએ નૂતન ઉતારા ભૂવનમાં ચરણારવિંદ પાડી યજમાનશ્રીના ઘેર પધરામણી કરીને સભામાં બિરાજમાન થયા હતા.

સભામાં શા.સ્વા. આનંદજીવનદાસજી, જેતલપુર પાઠશાળાના સંચાલક શા.સ્વા. હરિઓમપ્રકાશદાસજી, શા. વાસુદેવચરણદાસજી આદિ સંતોએ મનનીય પ્રવચન કરેલ. આ પ્રસંગે ગામોગામથી હરિભક્તો દર્શને પધાર્યા હતા. સભા સંચાલન જમીયતપુરાના શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત)એ સંભાળ્યું હતું. યાત્રિક ભૂવન બાંધકામના (તમામખર્ચ) અને હરિયાગના યજમાન વહેલાલના પ.ભ. જયંતીભાઈ ભલાભાઈ પટેલ પરિવાર તથા તેમના પુત્ર ડૉ. અનીલભાઈ (અમેરિકા) રહ્યા હતા. (ગોરધનભાઈ સીતાપરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણનો ૭ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

શ્રીહરિની મહા પ્રસાદી તુલ્ય શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણનો ૭ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૩-૧૦-૦૯ ના રોજ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ સંત મંડળ સહિત પધાર્યા હતા.

સૌ પ્રથમ શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી તથા પાર્ષદ જસુ ભગતે પાટોત્સવના યજમાનશ્રીના ધર્મપત્નિ દ્વારા (સંપ્રદાયની મર્યાદા મુજબ) મહાપૂજા કરાવી હતી. ૯-૦૦ કલાકે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધારતા શ્રી ઘનશ્યામમહારાજની આરતી ઉતારી હતી. ત્યારે બહેનો ખૂબજ ભાવ વિભોર થઈ દર્શન આશીર્વાદનો લાભ લીધો હતો. ગામમાં વાજતે ગાજતે બેન્ડવાજા સાથે ઠાકોરજીનો વરઘોડો નીકળ્યો હતો. ત્યારબાદ પૂ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા.સ્વામી અખિલેશ્વરદાસજી તથા શ્રી પ્રહલાદભાઈ પટેલે ભાવવાહી પ્રેરક પ્રવચન કર્યું હતું. સભા સંચાલન શા. સ્વામી નારાયણવલ્લભદાસજીએ કર્યું હતું. યજમાનશ્રીએ સંતોને ભેટ કરીને પુષ્પહાર કર્યા હતા.

પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીનું સ્વાગત પૂજન અ.સૌ. લીલાબેને કરીને આશીર્વાદ મેળવ્યા હતા. સૌ હરિભક્તોએ આ પ્રસંગે દર્શનનો મહા લાભ લઈ ધન્ય બન્યા હતા.

(પ્રહલાદભાઈ વિ. પટેલ ન્યુજર્સીવાળા)

શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ

૧૨૫ વર્ષ જૂના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ટેબલા ફળી ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧૭-૧૦-૦૯ના રોજ સાંજે ૫-૦૦ થી ૮-૦૦ મારૂતિયજ્ઞ પ્રસંગે શ્રી હનુમાનજીનું પૂજન-યજ્ઞ હરિભક્તોએ સમૂહમાં કરીને દિવ્ય લાભ લીધો હતો. આસો સુદ અમાસ દિવાળીના શુભ દિને ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ ધામધૂમથી થયો હતો. વકીલ વિરબાળા બેન વિરેન્દ્રભાઈ ભટ્ટ પરિવારે યજમાન બની લાભ લીધો હતો. હરિભક્તોએ દર્શન કરી ધન્ય બન્યા હતા.

(અરવિંદભાઈ પટેલ)

નવા વણઝર મંદિરમાં (સરખેજ)માં શ્રી મહાવિષ્ણુયાગ

શ્રી નરનારાયણદેવ ગાદીના સરખેજ પાસેના વણઝર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૬, ૨૭ સપ્ટેમ્બર, શ્રી મહાવિષ્ણુયાગ તથા સ્વામી સ્વયંપ્રકાશદાસજી અને સંત મંડળે અને યજમાન પરિવારે શ્રી ઘનશ્યામમહારાજનો અભિષેક કરી હરિભક્તોને મહા અલૌકિક લાભ આપ્યો હતો. તા. ૨૭-૯-૦૯ ના રોજ સાંજે ૬ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. અને ઠાકોરજીની આરતી ઉતારીને યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. સાથે યજમાનશ્રી રાજુભાઈ ઠક્કરે લાભ લીધો હતો.

સભામાં યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ, મહાદેવનગર, જયદેવપુરા અને ધોળકાથી સંતો પધાર્યા હતા. અને સૌએ મનનીય પ્રેરક પ્રવચન કરેલ. સભા સંચાલન સ.ગુ. શા.સ્વામી પૂર્ણપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું. આ શુભ દિને વિજ્યા દશમીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ દિન હોવાથી સર્વે સંત-હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને ૩૭ વર્ષ પુરા થતા હોવાથી ૩૭ ફૂટનો સુંદર ફુલોનો હાર ધરાવ્યો હતો. પ.ભ. અરવિંદભાઈ પરસોત્તમદાસ (શિતલ મોટર્સ પ્રા.લી.) ઠક્કરે આવું સુંદર પ્રેરણાત્મક આયોજન કરી શ્રી રમણભાઈ પટેલ, નિતીનભાઈ, પ્રકાશભાઈ તથા વણઝર ગામના તમામ હરિભક્તોનો ખૂબજ ઉત્સાહ વધાર્યો હતો. સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે શ્રી પ્રકાશભાઈ ઠક્કરે નાની મોટી સેવા કરનાર સૌનો આભાર માની આભાર વિધિ કરી હતી.

(રમણભાઈ કોઠારી)

શ્રી સ્વામિનારાયણ

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની શુભ પ્રેરણાથી ભાદરવા સુદ-૧૧ એકાદશી જલઝીલણીના રોજ ઠાકોરજીનો ભવ્ય વરઘોડો યોજવામાં આવ્યો હતો. શહેરના તળાવે જળ ઝીલવા ગયા હતા. ત્યાં ઠાકોરજીનો અભિષેક કરી ચીભડાનો પ્રસાદ વહેંચ્યો હતો. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

કવિ સમ્રાટ સ.ગુ. દેવાનંદ સ્વામીના બળોલ (ભાલ) મંદિરનો ચતુર્થ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના સ.ગુ. કવિ સમ્રાટ દેવાનંદ સ્વામીના જન્મસ્થાન ભાલ પ્રદેશના બળોલ ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઈઓ અને બહેનોના મંદિરનો ચતુર્થ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૨૯ અને ૩૦ ઓકટોમ્બર બે દિવસનું જ્ઞાનસત્ર શિબિર સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર)ના વક્તા પદે થઈ હતી. જેમાં ગામના સમસ્ત ભાઈ બહેનો એ લાભ લીધો હતો. આ પ્રસંગે તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજમાન પદે ચાવડા ઘનશ્યામભાઈ જીવાભાઈ અને ચાવડા રણછોડભાઈ ભુદરભાઈ પરિવારે મહાલાભ લીધો હતો. પાટોત્સવના યજમાન (ચાવડાના ડેલો) ચાવડા પરિવારના વજાભા અરજણભા ચાવડા, ભગવાનભા અરજણભા અને ચાવડા ગણેશભા અરજણભા પરિવારે મહા લાભ લીધો હતો.

નાથદ્વારા મંદિરના મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી અને હજુરી પાર્ષદ વનરાજ ભગતની પ્રેરણાથી આ ઉત્સવનું આયોજન થયું હતું.

તા. ૩૦-૧૦-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા ત્યારે પ્રાથમિક શાળાથી મંદિર સુધી શણગારેલા ટ્રેકટરમાં ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરી આરતી ઉતારીને ગામના હજારો હરિભક્તોને દર્શનનો મહા લાભ આપ્યો હતો. ત્યાંથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી આણંદપુરા ગામના ભાઈઓ અને બહેનોના મંદિરની આરતી ઉતારવા પધાર્યા હતા. ત્યાં હરિભક્તોને દર્શન આશીર્વાદનું સુખ આપીને બળોલ પરત પધાર્યા હતા. અને બન્ને મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી સભામાં પધાર્યા હતા.

પ્રાસંગિક સભામાં યજમાન ચાવડા પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની સમૂહ આરતી ઉતારી ભેટ ધરી હતી. ત્યારબાદ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, મૂળી મહંત શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજી, ચરાડવા મહંત શા. સ્વામી હરિપ્રકાશદાસજી, શા.સ્વા. અખિલેશ્વરદાસજી અને શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજીએ મનનીય પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યુવાનોને માર્મિક ટકોર કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં પણ ઘણા હરિભક્તોએ સેવા કરી હતી.

પાટોત્સવ પ્રસંગે સેવામાં મૂળીથી સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વા. ધર્મપ્રિયદાસજી, અનિરૂદ્ધ સ્વામી, શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસ, (કોટેશ્વર ગુરુકુળ) ભોગીલાલ ભગત આદિ સૌએ પ્રેરણાત્મક સેવા પુરી પાડી હતી.

(ખટાણા જેશંગભાઈ)

વિદેશ સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર સિનેમેન્સન (અમેરિકા) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૭ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો

વિજયા દશમીના શુભ દિને આપણા સૌના પ્રાણપ્યારા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૭ મો પ્રાકટ્યોત્સવ આપણા મંદિરમાં ધામધૂમથી ઉજવાયો હતો. પ્રાસંગિક સભામાં સ.ગુ. શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સુંદર મહિમા માહાત્મ્ય વર્ણવીને સ્થાનિક કમિટી અને હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરીને શુભ કામના પાઠવી હતી. પ.ભ. નવિનભાઈએ સુંદર મજાની કેક લાવીને સૌએ સાથે મળી કેક કાપીને પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. પ્રેસિ. રાજુભાઈ, અશોકભાઈ, અરવિંદભાઈ, કેતનભાઈ, કાર્તિકભાઈ અને જગદીશભાઈ આદિ સૌ હરિભક્તોએ સમૂહ આરતી ઉતારીને મહા લાભ લીધો હતો.

૨ જો પાટોત્સવ ઉજવાયો

સિનેમેન્સન શ્રી સ્વામિનારાયણ મંદિરનો બીજો પાટોત્સવ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની શુભ ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પારાયણ, પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની ૨૦૦ મી જન્મદ્વિશતાબ્દી વર્ષ હોવાથી ૨૦૦ સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ તથા સ.ગુ.શા. વિશ્વપ્રકાશદાસજીએ કથાનું સુંદર રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગમાં વિવિધ ઉત્સવમાં અનેક હરિભક્તોએ યજમાન બની મહા લાભ લીધો હતો.

૬ સપ્ટેમ્બરના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી દેવોનો મહાભિષેક સંતોના વરદ્ હસ્તે વેદવિધિસર થયો હતો. આ પ્રસંગે અમદાવાદથી પધારેલા શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, વિહોકન મંદિરથી શા. માધવ સ્વામી, બોસ્ટન થી શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજીએ પ્રસંગને અનુરૂપ પ્રવચન કરેલ. પ.ભ. રાજેશભાઈ પટેલ અને બળદેવભાઈ પટેલે મંદિરના વિકાસ અંગે માહિતી આપી હતી. રસોડામાં બહેનોની સેવા પ્રેરણારૂપ હતી. વડુ, રાજપુર અને મોખાસણના હરિભક્તોની સેવા પ્રશંસનીય હતી. સભા સંચાલન શા.સ્વામી વિશ્વપ્રકાશદાસે શોભાવ્યું હતું.

દિવાળી અન્નકૂટ ઉત્સવ

અહીં આપણા મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીની પ્રેરણાથી દિવાળીના ધનતેરસથી નૂતન વર્ષ પર્યન્ત ઉત્સવો ઉજવાયા હતા. દિવાળી પ્રસંગે મંદિરને રોશનીથી સુંદર સજાવવામાં શ્રી જગદીશભાઈ (જાસલપુર)ની સેવા રહી હતી. અન્નકૂટ પ્રસંગે સત્સંગી બહેનોએ વિવિધ વાનગીઓ ઘરેથી બનાવી ને ઠાકોરજીને અન્નકૂટ ધરાવવામાં આવેલ. આ પ્રસંગની કુલ ૩ આરતી કરવામાં આવી હતી. જેના યજમાન શ્રી રાજુભાઈ ભક્તિભાઈ પટેલ રહ્યાં હતા. દિવાળી પ્રસંગે અન્નકૂટનું માહાત્મ્ય શાસ્ત્રી સ્વામીએ સરળ અને સચોટ ભાષામાં કહ્યું હતું. અનેક હરિભક્તોએ આ પ્રસંગે સેવામાં સહભાગી થઈ પ્રસંગને દિપાવ્યો હતો. હજારો હરિભક્તોએ દર્શન કરી જીવન ધન્ય બનાવ્યું હતું.

(શા. વિશ્વપ્રકાશદાસજી અને કાર્તિકભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઈટાસ્કા (અમેરિકા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી ઈટાસ્કા શિકાગોના મ્હા મંદિરમાં સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી (જે.પી. સ્વામી) તથા શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજી અને પૂજારી શાંતિપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી શરદ પૂર્ણિમાનો શરદોત્સવ ખૂબજ ધામધૂમઅને હર્ષોલ્લાસ સાથે રાસ ગરબા મંદિરના હોલમાં યોજીને દરેક હરિભક્તો એ જોડાઈને લાભ લીધો હતો. દરેક ભક્તોને દૂધ પૌંવા અને જલેબીનો પ્રસાદ આપવામાં આવેલ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૭ મો પ્રાકટ્યોત્સવ સંત-હરિભક્તો એ તેઓશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કરી ધામધૂમથી ઉજવ્યો હતો.

૮ ઓકટોબરના અમદાવાદ કાલુપુર મંદિરથી પધારેલા સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, મુનિ સ્વામી, આદિ સંતોએ અત્રે પધારીને કથા વાર્તાનો અલૌકિક લાભ હરિભક્તોને આપ્યો હતો. (વસંતભાઈ ત્રિવેદી)

ક્લિવલેન્ડ (અમેરિકા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી કોલબંસ ના વતની શ્રી પ્રવિણભાઈ તથા ભારતીબેન તરફથી તેમના મોટાબા અ.નિ. ગંગાબાના સ્મરણાર્થે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત યમદંડની કથા શા. સ્વામી ધર્મવલ્લભદાસજીના વક્તાપદે થઈ હતી. શા. હરિનંદનદાસે શ્રીમદ્ ભાગવત દશમસ્કંધનું પુરઃશ્ચરણ કર્યું હતું. ૨૭ સપ્ટેબરના કથાની પૂર્ણાહુતિ થઈ હતી.

વિજયા દશમીના આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૩૭ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે સમગ્ર સભાએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. શ્રી પ્રકાશભાઈ પટેલે પુરુષોત્તમપ્રકાશમાંથી આચાર્ય મહિમાનું પ્રકરણ સુંદર ઢાળમાં ગાયુ હતું. જેમની સાથે હરેશભાઈએ લાભ લીધો હતો. કથાના અંતે ઠાકોરજીની આરતી કરીને સભા વિરામ પામી હતી. (પ્રકાશ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકનમાં વિજયા દશમી મહોત્સવ

અત્રે આપણા ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સમસ્ત હરિભક્તોએ સાથે મળી વિજયા દશમીના રોજ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૭ મો પ્રાકટ્યોત્સવ ૨૭ સપ્ટેમ્બરના રોજ ધામધૂમઅને હર્ષોલ્લાસ સાથે ઉજવ્યો હતો. પ્રાસંગિક સભામાં મહંત શાસ્ત્રી સ્વામી માધવપ્રસાદદદાસજીએ વિજયા દશમી-પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય અને આઈ.એસ.એસ.ઓ.નો સ્થાપના દિનનું પણ કથામાં વર્ણન કરીને દૃષ્ટાંત સાથે રમૂજ સાથે કહ્યું હતું. યજમાન પરિવારને સ્વામીએ પુષ્પ ગુચ્છ પહેરાવીને પ્રસાદી આપીને સન્માન કર્યું હતું.

પ્રેસિડેન્ટ શ્રી ભક્તિભાઈ પટેલે ઉત્સવ અંગેની જાહેરાત કરી હતી. (પી. શાહ)

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૪ થો પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ૪ સપ્ટેમ્બરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને સંતો દ્વારા મહાભિષેક, શણગાર આરતી અને અન્નકૂટ આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર, શ્રી સૌમ્યકુમાર અને હજુરી પાર્ષદ વનરાજ ભગત પધાર્યા હતા.

બહેનોને સુંદર લાભ મળે તેવા શુભ હેતુથી પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં એક દિવસની સત્સંગ સભા યોજી હતી. જેમાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પાટોત્સવના યજમાન બહેનોને ભેટ પ્રસાદ પુષ્પહાર અર્પણ કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ શુભ પ્રસંગે ચેરિહીલ, વિહોકન, કોલોનીયા, શિકાગો, અમદાવાદ, ધોલકા અને કોટેશ્વરથી પધારેલા સંતો જેમાં શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, ધોળકાના મુનિ સ્વામી, કોલોનીયાના જ્ઞાન સ્વામી આદિ સંતોએ ઠાકોરજીનો અભિષેક કરી આરતી ઉતારીને દર્શનનો સુંદર લાભ આપ્યો હતો.

સભામાં શા. સ્વામી નિર્ગુણદાસજીએ ભગવાન શ્રીહરિનું માહાત્મ્ય સુંદર રીતે વર્ણવ્યું હતું. ચેરહિલના સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ પણ સુંદર વક્તવ્ય આપ્યું હતું. કોટેશ્વર ગુરુકુળના શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ ભગવાનનું લીલા ચરિત્રનું સુંદર માહાત્મ્ય વર્ણવ્યું હતું.

બહેનોની સભામાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીનું પૂજન આરતી યજમાન પરિવારના બહેનોએ કરીને આશીર્વાદ મેળવ્યા હતા. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

ન્યુયોર્કમાં સત્સંગ સભા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ

૨૭મી સપ્ટેમ્બર રવિવાર વિકેન્ડમાં કવિન્સમાં મેઈન સ્ટ્રીટ પાસે ગણેશ ભગવાનના મંદિરના મુખ્ય હોલમાં આપણા આઈ.એસ.એસ.ઓ.ના દરેક ચેપ્ટરોના સંત હરિભક્તોએ સાથે મળી વિજ્યા દશમીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૭ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. શાસ્ત્રી સ્વામી માધવપ્રસાદદાસજીએ પ્રાસંગિક સભામાં પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં ભક્તોએ રહીને રાજીપો મેળવી લેવા ખાસ ભલામણ કરી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ભગવાનનું અપર સ્વરૂપ છે. માટે આપણા મોટા ભાગ્ય છે કે આપણને આવા ભગવાનના પુત્ર ગુરુ રૂપે મળ્યા છે. છેલ્લે ઠાકોરજીને થાળ-આરતી નિત્ય નિયમ કરી પ્રસાદ વહેંચ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સંકલ્પના બળે અત્રે જલ્દી મંદિર થાય તે માટે ભગવાનને પ્રાર્થના કરી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

વોશિંગ્ટન ડી. સી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રે ૧૯ સપ્ટેમ્બર શનિવાર સાંજે ૪-૦૦ થી ૧૦-૩૦ ઈલ્કરીઝ (મેરીલેન્ડ)ના એક હોલમાં સત્સંગ સભામાં ધૂન ભજન-કીર્તન અને કથા વાંચવામાં આવી હતી. બહેનો જેમની ખૂબજ પ્રતિક્ષા કરતા હતા તેવા આપણા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી બહેનોની સભામાં પધાર્યા હતા ત્યારે તમામ બહેનોએ શ્રીહરિના નામની ધૂનની રમઝટ બોલાવી હતી.

વિહોકન મંદિરના મહંત શા.સ્વામી માધવપ્રસાદ દાસજીએ સેલફોનના માધ્યમથી અમૃતવાણીનો લાભ આપેલ. ભાઈઓ અને બહેનોની અલગ સભા રહે તે માટે પાર્ટીશન મૂકીને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી હતી.

પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૩૭ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે કેક કાપીને જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. ૨ કલાક પર્યન્ત બહેનો સાથે પ.પૂ. ગાદીવાળાશ્રીએ રાસ રમીને સૌ બહેનોને રાજી કર્યા હતા.

હજુરી પાર્ષદ વનરાજ ભગત વચનામૃતનું અમૃતપાન કરાવ્યું હતું. ૨૫ સપ્ટેમ્બર શુક્રવારના સાંજે ૭-૦૦ થી ૧૦-૦૦ મિટીંગ હોલમાં સત્સંગ સભામાં ઠાકોરજી સમક્ષ ધૂન-કથા વાર્તા-કીર્તન વચનામૃત વાચન નિત્ય નિયમકરીને આરતી ઉતારવામાં આવી હતી. મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. (કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- મુક્તાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- મીનાબેન જગદીશ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સરલાબેન ભરત પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- લીનાબેન કીર્તિકુમાર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ-અમેરિકા
૧૦૧/- ચંદ્રિકાબેન મહેન્દ્ર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ-નાઈરોબી
૧૦૧/- રીટાબેન દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સ્નેહા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- રૂચિતા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- જીનલ ભરત પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- હેતવી દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- પુષ્પાબેન હેમરાજ મારવી શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- કમળાબેન માધવજી ગોહિલ શ્રીજી પ્રસન્નાર્થે	મેઘપર (પૂના)
૧૦૧/- પટેલ તારાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	સઈજ
૧૦૧/- શેલડીયા વિપુલ હિંમતભાઈ પુત્રીના જન્મપ્રસંગે	અમદાવાદ
૧૦૧/- સાપરીયા અશોકભાઈ રાઘવજી ચિ. યશના નામકરણ નિમિત્તે	ધૂળકોટ
૨૦૨/- કાછીયા ચિમનભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧/- પરમાર નિશાંત રમણીકલાલ પુત્ર જન્મપ્રસંગે	રાજકોટ
૨૦૨/- શ્રી નરનારાયણ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે	મારૂસણા
૧૦૧/- ઘનશ્યામભાઈ સી. પટેલના સ્મરણાર્થે	ગાંધીનગર
૧૦૧/- વરૂ હર્ષિદાબેન શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે	રાજકોટ
૧૦૦/- ડૉ. પ્રીતિબેન પ્રવિણકુમાર પંચાલ એમ.ડી.માં એડમીશન નિમિત્તે	અમદાવાદ
૧૦૧/- પટેલ મણીભાઈ ફકીરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અસલાલી
૧૦૦/- પંચાલ અમરીષકુમાર એમ. ડિપ્લોમાં મિકેનિક એન્જીનીયર નિમિત્તે	ઉનાવા
૧૦૦/- વડોદરીયા કેતન જીતેન્દ્રકુમાર નવું લેપટોપ ખરીદ્યું તે નિમિત્તે	અમદાવાદ
૨૦૦/- વડગામા મુકેશ ઓધવજી શ્રીજી પ્રસન્નાર્થે	વડોદરા
૧૦૦/- પટેલ પ્રવિણ અમૃતલાલ ચિ. દક્ષના જન્મદિન પ્રસંગે	અમદાવાદ
૧૦૦/- અ.નિ. રઈબા રાયસંગભાઈ ચૌધરીના સ્મરણાર્થે	આમજા
૧૦૦/- અ.નિ. ચૌધરી હીરાબા ધેમરભાઈના સ્મરણાર્થે	માણેકપુર
૧૦૦/- અ.નિ. ચૌધરી રામાભાઈ રાયસંગભાઈના સ્મરણાર્થે	આમજા
૧૧૧/- ભાવસાર અરવિંદભાઈ જી. તથા પુલકિતના પ્રમોશન નિમિત્તે	વિસનગર
૨૫૧/- પટેલ શાંતાબેન શંકરલાલ શ્રીજી પ્રસન્નાર્થે	ઊંઝા
૨૫૧/- પટેલ રમેશભાઈ શંકરલાલ શ્રીજી પ્રસન્નાર્થે	ઊંઝા
૨૫૧/- પટેલ રમીલા રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	ઊંઝા
૨૫૧/- પટેલ સમીરભાઈ રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	ઊંઝા
૫૦૦/- ડૉ. પી.એમ. પટેલ ચિ. નિધિ અને ભૂમિતને યુ.એસ.એ.ના વિઝા મળ્યા તે નિમિત્તે	માણસા
૧૦૧/- ભગત સંદિપ પ્રદિપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧/- ચાવડા મિતુલ રણછોડભાઈ બોસ્ટન (પ્લાસ્ટીક પ્રોજેકટ એન્જી.)ની તાલીમઅર્થે જઈ આવ્યા તે નિમિત્તે	બળોલ-ભાલ
૧૦૧/- મહેતા જીવંતિકા એલ. મકાનનું રિનોવેશન કરાવ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧/- અ.નિ. પુંજીબેન વશરામભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મણીયોર
૧૦૧/- પટેલ કંકુબેન દવાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	મણીયોર
૧૦૧/- હેરમા ધર્મેન્દ્ર ચંદુભાઈ મ્યુ. અમદાવાદમાં આસિ. કમિશ્નરની જોબ મળી તે નિમિત્તે	બજરંગપુરા-અમદાવાદ
૧૫૧/- સિંધવ પરસોતમભાઈ શંકરભાઈ ચિ. જીજ્ઞેશની સગાઈ નિમિત્તે	રૂસ્મતગઢ
૧૦૧/- સોની રમેશચંદ્ર મનસુખલાલ ચિ. પૌત્ર નિશાંતના સગપણ પ્રસંગે	અમદાવાદ
૩૫૧/- પટેલ ચારૂમતીબેન ગીરીશભાઈ નવી મર્ચિડીસ કાર લાવ્યા તે નિમિત્તે	ન્યુયોર્ક
૫૦૦/- પટેલ ભાવિનકુમાર ભીખાભાઈ ગોકળભાઈને ત્યાં પુત્ર જન્મપ્રસંગે	નેત્રામલી
૧૦૧/- પટેલ ચિરાગ હરિભાઈ ચિ. સુપુત્રી ફાંસીના જન્મદિન નિમિત્તે	અમદાવાદ

શ્રી સ્વામિનારાયણ

૧૦૦/- રાવલ પાર્થ સારથી અમીતભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે બોપલ
૧૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ બાવળા
પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ પ્રસંગે
૧૦૧/- શ્રુતિબેન જગદીશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ શ્રેયાબેન કેતનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ ગોરલબેન કે. જન્મદિન નિમિત્તે મેમનગર
૧૦૧/- પટેલ ગૌરાંગ કે. જન્મદિન નિમિત્તે મેમનગર
૧૦૧/- પટેલ હેત પી. પ્રથમજન્મદિન નિમિત્તે મેમનગર
૧૦૫/- પટેલ ઘનશ્યામભાઈ ચિમનભાઈના સ્મરણાર્થે ઠાસરા
૧૦૦/- પટેલ અમૃતભાઈ પી. નવી મારૂતીકાર લાવ્યા તે નિમિત્તે કોઠા
૧૦૦/- પટેલ હેતલબેન નટવરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદીસણા
૧૦૦/- પટેલ ભાવેશકુમાર નટવરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદીસણા
૧૦૦/- પટેલ હેતલબેન ભાવેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ચાંદીસણા
૧૦૧/- મીસ્ત્રી વિરલ નિલેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- માંગુકિયા વિરલકુમાર વિનુભાઈ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તેબાપુનગર
૧૦૦/- અ.નિ. ચૌધરી નાથાભાઈ ભેમાજીના સ્મરણાર્થે બાલવા
૫૦૧/- પટેલ વ્રજ વિનય ગીરીશકુમાર જન્મદિન નિમિત્તે હ. ચારૂમતીબેનઅમેરિકા
૧૫૧/- ભાવસાર જલ્પાબેન પ્રણવભાઈ પુત્રીના જન્મદિન પ્રસંગે વડનગર
૧૦૧/- કાછીયા પ્રણાલી હેમંત નવું એકટીવા ખરીદ્યું તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- દુધરેજીયા અનીલ બી. ચિ. પુત્રી જીજ્ઞાસાની સગાઈ પ્રસંગે ધ્રાંગધ્રા
૧૦૧/- અ.નિ. ઉષાબેન દશરથભાઈ પટેલના સ્મરણાર્થે અસલાલી
૧૦૦/- પટેલ અરવિંદભાઈ ભલાભાઈ નવી મારૂતિવાન લાવ્યા તે નિમિત્તેદહેગામ
૧૦૦/- પટેલ મનીષકુમાર વાસુદેવભાઈ ચિ. હેતલના જન્મદિન નિમિત્તેઅમદાવાદ
૧૦૦/- ટાંક જીજ્ઞાબેન મહેશભાઈ તથા રીટાબેન મનોજભાઈ મીરારોડ
શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૦/- વધાસીયા હિંમતભાઈ બાબુભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે બાપુનગર
૧૦૧/- પટેલ ગોવિંદભાઈ મગનદાસ ચિ. રાજુભાઈના લગ્ન પ્રસંગે ડાંગરવા
૧૦૧/- પોરીયા પ્રવિણકુમાર અરજણભાઈ પુત્ર જન્મપ્રસંગે અમદાવાદ
૨૫૧/- પટેલ અલકાબેન મહેન્દ્રભાઈ ચિ. અર્પિતાના લગ્ન પ્રસંગે મોખાસણ
૨૫૧/- પટેલ ઈશ્વરદાસ અમીચંદદાસના સ્મરણાર્થે મોખાસણ
૧૧૦/- પટેલ વંદન એસ. જન્મદિન નિમિત્તે વક્તાપુર
૨૦૧/- મિતવા સમીરકુમાર પશાભાઈ જન્મદિન નિમિત્તે અંબાપુર
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીંબા
૧૦૧/- પટેલ કેશરબેન પરસોત્તમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીંબા
૧૦૧/- અ.નિ. જશોદાબેન જયંતીલાલ જોશીના સ્મરણાર્થે માધવગઢ
૧૫૧/- પટેલ ઉષાબેન આશિષકુમાર ચિ. પુત્ર હેતના જન્મપ્રસંગે અમદાવાદ
૧૦૧/- પટેલ હરેશ નારણભાઈના તેમના પત્નિ નિમિષાને કોઠા
લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૦/- બિહોલા પ્રવિણસિંહ ચંદુજી લગ્ન પ્રસંગે પાલજ
૧૦૧/- વણોલ રામાભાઈ ગેલાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગવાણા
૧૦૧/- પરમાર ગીતાબેન પંકજભાઈ ચિ. શ્લોકના જન્મદિન નિમિત્તે મણીનગર
૧૦૧/- જીત સંજીવ કપીલ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર રંજનબેન બંસીલાલ બાઈક લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ઘનશ્યામડેરી એન્ડ જનરલ સ્ટોર્સ ૭ માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે તલોદ
૧૦૦/- પટેલ હિરાલાલ ચિ. ભાર્ગવને કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ કોકીલાબેન કેશવલાલ તેમના પુત્રવધુના શ્રીમંત પ્રસંગે ગાંધીનગર
૨૦૧/- પટેલ હરિકૃષ્ણ અમિતભાઈ બાબરી પ્રસંગે ઝુંડાલ
૧૦૧/- પારેખ ધવલ યુ.કે. ના વિઝા મળ્યા તે નિમિત્તે મોડાસા
૧૦૧/- પટેલ વિરેન્દ્રકુમાર ડાહ્યાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ડેમાઈ
૧૨૫/- અ.નિ. પરમાર શાંતુબેન કેશુભાઈના સ્મરણાર્થે બળોલ-ભાલ
૧૦૧/- ભાટીયા શૈલેષભાઈ નરેન્દ્રભાઈ નિત્યમના જન્મપ્રસંગે કોઠંબા

૧૦૧/- પટેલ મયુર નટવરલાલ પુત્રના જન્મપ્રસંગે મોટપ
૨૦૦/- ડોબરીયા ચેતનકુમાર મનુભાઈ ચિ. રૂતવિકાના અમદાવાદ
જીન્મદિન પ્રસંગે
૧૦૧/- જયમીન ટ્રેડીંગ કું. શ્રીજી પ્રસન્નાર્થે ભાયંદર
૧૦૧/- ભાવસાર સૂર્યાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૧/- પટેલ એન્ડ પટેલ ઓટો ટ્રેડ સેન્ટર દરિયાપુરમાં નવી જગ્યા સોજાવાળા
પર કામના પ્રારંભ પ્રસંગે
૧૦૧/- પટેલ મહેન્દ્રભાઈ, રાજુભાઈ ભક્તિભાઈ નૂતન વર્ષ નિમિત્તે અમેરિકા
૧૦૧/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ દિવ્યાંગ અને આણંદપુર (ભાલ)
ઈચરાગના જન્મ દિન નિમિત્તે
૧૧૧/- મોદી નટવરલાલ રણછોડલાલ નૂતન વર્ષ પ્રસંગે અમદાવાદ
૧૫૦/- પટેલ નિલેશ પરેશભાઈ જન્મદિન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- સુથાર તેજેશકુમાર રમેશભાઈ એમ.એસ.સી., રૂાઈ.ટી. ધરમપુર
૫ માં વર્ષમાં ફર્સ્ટ કલાસ નિમિત્તે
૧૦૧/- અમીન ઈશીતા નિલ શ્રીજી પ્રસન્નાર્થે આણંદ
૧૦૧/- પટેલ હર્ષિલ ચંદ્રકાન્તભાઈ ધો-૧૦ માં ૮૨% આવ્યા તે નિમિત્તે વહેલાલ
૧૦૧/- માંડલીયા ગીતાબેન પંકજકુમાર ધ્રુવિતાના જન્મદિન પ્રસંગે
૧૦૦/- ભાવસાર જે. જે. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ભાવસાર રમેશચંદ્ર શાંતિલાલ જન્મદિન નિમિત્તે ચાંદલોડીયા
૧૦૧/- પરમાર સુરેશભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પરમાર રણછોડભાઈ કરશનભાઈ બળોલ ભાલવાળા
ચોપડા પૂજન નિમિત્તે
૫૦૦/- રસિલાબેન નનુભાઈ સિરોયા પુત્રી ઈલાબેનને ત્યાં સુરત
ભાણાના જન્મપ્રસંગે
૧૦૧/- ભાવિકા દિલીપસિંહ ડાભી શ્રીજી પ્રસન્નાર્થે ડાંગરવાવાળા
૧૦૧/- ચૌહાણ મનસુખભાઈ નાનજીભાઈ નવું બાઈક લીધું તે નિમિત્તે કાંદીવલી
૧૦૧/- દુર્ગાબેન અરવિંદભાઈ નવા વર્ષ નિમિત્તે ચાંદલોડીયા
૧૦૧/- ભાવસાર સાવીત્રીબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ધનલક્ષ્મીબેન વિનોદભાઈ પોપટલાલ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- પટેલ ગોરધનભાઈ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૦/- પાટડીયા વિપુલભાઈ સૂર્યકાન્તભાઈ મુલચંદભાઈ અમદાવાદ
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- સાપરીયા રમેશ ગોવિંદ શ્રીજી પ્રસન્નાર્થે વાપી
૧૦૧/- ટાંક નરસીભાઈ પીતાંબરભાઈના ચિ. અશ્વિનને નોકરી સુરત
મળી તે નિમિત્તે
૧૦૦/- મોરી આશિષકુમાર ગીરીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- પટેલ લાભુબેન ઘનશ્યામભાઈ ઓપરેશન સફળ અમદાવાદ
થયું તે નિમિત્તે
૧૦૧/- મીસ્ત્રી ભાવેશભાઈ કનુભાઈ ચિ. મોહિતના જન્મનિમિત્તે અમદાવાદ
૧૦૧/- ગજ્જર મણીભાઈ રણછોડભાઈ ચિ. મોહિતના જન્મનિમિત્તેઅમદાવાદ
૨૫૧/- શાહ રોહિતભાઈ જયંતીલાલ ચિ. પરિતાના વેવિશાળ પ્રસંગે મુંબઈ
૧૦૧/- પટેલ વિષ્ણુભાઈ જેઠાલાલ શ્રીજી પ્રસન્નાર્થે જગુદણ
૧૫૧/- પટેલ શાંતિભાઈ રામાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે રનેલા
૧૦૧/- ડોડીયા જલાભાઈ ભલાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કડવાસણ
૧૦૧/- પટેલ દિનેશકુમાર કરશનભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે મારૂસણા
૧૦૦/- પટેલ કૌશલ કેતુલકુમાર ગોકુળદાસ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૧/- માવજીભાઈ પરસોત્તમભાઈ ચિ. હેરેન લંડન ગયા તે નિમિત્તે રાજકોટ
૧૦૦/- ટાંક નારણભાઈ પોપટભાઈ નૂતન વર્ષ નિમિત્તે જીરાગઢ-રાજકોટ
૧૦૧/- રાઠોડ પરસોત્તમજી. શ્રીજી પ્રસન્નાર્થે કાનપુરા

પૂ. મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા ધર્મ પ્રવાસી પાના નં ૭નું ચાલું

સૌથી અધિક હતો. સુંદર સત્સંગ સભા, એક દિવસીય આઉટડોર શિબિર, પધરામણી, અને પ્રશ્નોતરી દ્વારા યુવાનોના સંશયોનું છેદન તથા કલ્યાણના માર્ગનું પ્રેરક માર્ગદર્શન પૂ. મહારાજશ્રીએ આપ્યું હતું. પૂ. મહારાજશ્રીની સાથે આટલું નિકટ રહેવાનો લ્હાવો માણી રહેલા યુવાનોને જાણે અદ્‌ભુત આનંદ અને દિવ્યતાની અનુભૂતિ થઈ. સત્સંગ ખૂબ ખૂબ વિકસે એવા દિવ્યાશિષ પાઠવી ને પૂ. મહારાજશ્રી તા. ૧૧-૧૦-૦૯ ના રોજ અહીંથી ભારત પરત પધાર્યા હતા. રમેશભાઈ, મનિષભાઈ, અરવિંદભાઈ, ઘનશ્યામભાઈ ડાભી તથા પુરુષોત્તમભાઈ આદિ સર્વે યુવાનો આ લાભથી કૃતકૃત્ય થયા હતા.

પૂ. મહારાજશ્રી એપ્રિલ-૦૯ માં સીડની પધાર્યા હતા અને એપ્રિલ-૧૦ માં ફરી પધારવાના હોઈ આ વખતે પૂ. મહારાજશ્રીના દર્શનનો લ્હાવો મેળવવા સીડની બ્લેકટાઉન મંદિરના સર્વે કમિટી મેમ્બરો તથા બીજા અનેક ભક્તો મેલબોર્ન તથા એડીલેડ પધાર્યા હતા. એ સર્વે વડીલ સત્સંગીઓને પણ પૂ. મહારાજશ્રીએ આ સત્સંગનું જતન અને જાળવણી કરવાની ભલામણ કરી હતી. પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી નાના પી.પી. સ્વામી તથા રામ સ્વામી ૭ દિવસ માટે સીડની પધાર્યા હતા. ત્યાં સત્સંગ તથા કથાવાર્તાનો સુંદર લાભ આપણા મંદિરમાં આપ્યો હતો.

પૂ. મહારાજશ્રી જ્યારે સત્સંગ અર્થે આટલો દાખડો કરી રહ્યા છે ત્યારે આપણે પણ આ દાખડામાં યથાશક્તિ જોડાઈએ. આપણાં સ્નેહી સગા સંબંધી જે કોઈ ત્યાં વસતા હોય તેમને મંદિરમાં કે સભામાં જવા જરૂરથી પ્રેરીએ એજ આપણું કર્તવ્ય.

ધનુર્માસિનો વિશેષ સત્સંગ

તા. ૧૬-૧૨-૨૦૦૯ થી તા. ૧૪-૧-૨૦૧૦

પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમસ્ત બહેનોના ગુરુ અ.સૌ. પ.પૂ. ગદ્દીવાળાશ્રીના શુભ રૂડા સાનિધ્યમાં આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવના કલ્યાણ માટે વિશેષ ભજન-સ્મરણ કરવા માટે વરસમાં એકવાર આવતો ધનુર્માસ ખૂબજ સુલભ કરી આપ્યો છે. ગુલાબી કડકડતી ઠંડીમાં સત્સંગીના નાના બાળકથી લઈ લાકડીના ટેકે ચાલતા વૃદ્ધ વડીલ હરિભક્તો પ્રાતઃકાળમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં એટલી મોટી સંખ્યામાં ઉમટે છે કે સભા મંડપમાં તો બેસવાની જગ્યા મળતી નથી. અમદાવાદ શહેર અને પરા વિસ્તારના હરિભક્તોને નમ્ર અનુરોધ છે કે ધનુર્માસ ધૂનનો લાભ લેવા અમદાવાદ કાલુપુર મંદિરમાં લાભ લેવાનું ચૂકતા નહીં.

ધનુર્માસિનો વિશેષ કાર્યક્રમ

સવારે ૫-૦૦ : રંગ મહોલ ઘનશ્યામમહારાજની સાંનિધ્યમાં ધૂન
સવારે ૫-૩૦ : મંગળા આરતી
સવારે ૫-૩૦ : ધૂન
સવારે ૬-૩૦ : શણગાર આરતી

માસિક ધૂન
રૂા. 1500/-

દૈનિક ધૂન
રૂા. 100/-

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સયમથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રદ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

શ્રી સ્વામિનારાયણ બાગ મેમનગર : પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી થી લઈ વર્તમાન પ.પૂ. લાલજી મહારાજશ્રીની સતત પાંચ પાંચ પેઢીથી સેવા કરતા હજુરી પાર્ષદ હરગોવિંદ ભગત ગુરુ પાર્ષદ કેશા ભગત તા. ૨૫-૧૦-૨૦૦૯ ને રવિવારના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મુંબઈ બોરીવલી : પ.ભ. મનસુખભાઈ ગોકળભાઈ મારવી(જીરાગઢ-હાલાર) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૨૮-૮-૨૦૦૯ (ઉ. ૬૧ વર્ષ) ના રોજ અક્ષરનિવાસી થયા છે.

લાલોડા (ઈડર દેશ) : પ.ભ. અમૃતભાઈ પટેલ (કલેકટરશ્રી)ના માતુશ્રી પ.ભ. ગંગાબેન હિરાભાઈ વાલાભાઈ પટેલ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૧૦-૯-૨૦૦૯ ના રોજ અક્ષરનિવાસી થયા છે.

સાપાવાડા (ઈડર દેશ) : પ.ભ. કંકુબેન હરિભાઈ પટેલ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા (ઉ. ૧૧૦ વર્ષ) તા. ૫-૯-૨૦૦૯ ના રોજ અક્ષરનિવાસી થયા છે.

કલોલ : પ.ભ. શકરાભાઈ મણીલાલ દરજી (ગલ્લાપેટીના સેવક) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૨૮-૮-૨૦૦૯ (ઉ. ૬૧ વર્ષ) ના રોજ અક્ષરનિવાસી થયા છે.

બોરડી (અમરેલી) : પ.ભ. કાંતાબેનગોબરભાઈ કાતરીયા શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૬-૯-૨૦૦૯ (ઉ. ૬૧ વર્ષ) ના રોજ અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. બિપીનભાઈ કવિ અને શ્રી પ્રશાંતભાઈ કવિ (શિકાગો)ના પિતાશ્રી પ.ભ. બળવંતરાય દશરથલાલ કવિ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૨૧-૧૦-૨૦૦૯ને બુધવારના રોજ અક્ષરનિવાસી થયા છે.

મુંબઈ : પ.ભ. જ્યોતિબેન ડૉ. જમનાદાસભાઈ ગૌતમી તા. ૮-૧૦-૨૦૦૯ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


કનીપુર : પ.ભ. રમણભાઈ નારણભાઈ પટેલ તા. ૧-૧૦-૨૦૦૯ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

જીરાગઢ (હાલાર) : પ.ભ. પ.ભ. દયાળજીભાઈ ટાંક (સુરત)ના પિતાશ્રી પ.ભ. મોતીલાલ મેઘજી ટાંક તા. ૨૨-૯-૨૦૦૯ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ડાંગરવા : પ.ભ. રાકેશકુમાર પટેલ (અમેરિકા)ના પિતાશ્રી પ.ભ. રમણલાલ જોઈતનદાસ પટેલ આસો સુદ-૧૨ ને ગુરુવારના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. જેઠાભાઈ રણછોડભાઈ પટેલ આસો વદ અમાસને તા. ૧૮-૧૦-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

Editor, Printer and Publisher : Mahant Shastri Swami Harikrishnadasji for Shree Swaminarayan Temple Kalupur, Ahmedabad. Printed at Shree Swaminarayan Printing press, Shree Swaminarayan Temple, Kalupur, Ahmedabad (GUJARAT) Pin-380 001 and Published at and for Shree Swaminarayan Temple, Kalupur, Ahmedabad (GUJARAT) Pin-380 001.




પ્રયાગરાજમાં નિર્માણાધિન મંદિરના સ્થંભને બાથ ભીડીને વહેલાસર મંદિરનું કામપૂર્ણ થાય તેવા આશીર્વાદ આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે પૂ.નારાયણ સ્વરૂપ સ્વામી




પ્રયાગરાજમાં સ.ગુ.રામાનંદસ્વામી અને શ્રી ધર્મદેવનો જયાં મેળાપ થયેલ તે પ્રસાદીના સ્થળે છત્રીનું ભૂમિપૂજન કરતાં પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે હરિભક્તો



સુરેન્દ્રનગર શ્રી સ્વા.મંદિરમાં ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક કરતાં પ.પૂ.મહારાજશ્રી



સુરેન્દ્રનગર શ્રી સ્વા.મંદિરમાં સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી



કાંકરિયા મંદિરમાં સંત નિવાસનું ભૂમિપૂજન કરતાં પૂ. મહારાજશ્રી અને પૂ.લાલજી મહારાજશ્રી



છપૈયાધામમાં મહાપૂજા પ્રસંગે પૂજન વિધિ કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી





બદ્રિનાથધામ આપણા મંદિરમાં શ્રી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ અભિષેક કરતા મહંત પૂ. દેવપ્રકાશદાસજી સ્વામી અને બ્ર.સ્વામી રાજેશ્વરાનંદજી

છપૈયાધામમાં મહાપૂજાની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે સ્પેશીયલ ટ્રેનના આયોજક શ્રી પ્રફુલભાઈ ગઢવી પરિવાર(જેમણે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સારી સેવા કરેલ છે.)

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003 9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011



એટલાન્ટા (isso) ચેપ્ટરમાં અન્નકૂટ દર્શન



ઝાંબીયા આપણા મંદિરમાં અન્નકૂટ દર્શન





શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીના અન્નકૂટ દર્શન અને હરિભક્તોની વિશાળ સભા



બાયરન (અમેરિકા)isso ચેપ્ટરમાં અન્નકૂટ દર્શન



નારણઘાટ મંદિરમાં ઠાકોરજીના અન્નકૂટ દર્શન

Jagdish Offset

Praful Kharsani